**તેજી હોય કે પછી મંદી**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

**ધી ઇકોનોમિક રેવલ્યૂશન**

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Thursday
24-11-2022
Year 10, Issue 299

દૈનિક

● વર્ષ : ૧૦ ● અંક : ૨૯૯ ● તા.૨૪.૧૧.૨૦૨૨ ● ગુરૂવાર ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 10 ● Issue : 299 ● Date : 24-11-2022 ● Thursday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

### જસ્ટિસ કેએમ જોસેફે ફરીથી નિમણૂક પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા

# એવા ચૂંટણી કમિશનરની જરૂર છે, જે PM સામે પણ પગલાં લઈ શકે :સુપ્રીમ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી, તા.૨૩ કેન્દ્રએ CEC, ECની નિમણૂકની પ્રક્રિયાને લઈને સુપ્રીમ કોર્ટના સવાલોના જવાબ આપ્યા છે. ૨૦૦૭ થી તમામ CECનો કાર્યકાળ "ટૂંકો" કરવામાં આવ્યો હોવાના સુપ્રીમ કોર્ટના આક્ષેપ પર એટર્ની જનરલ આર વેંકટરામણીએ કહ્યું કે, દરેક વખતે નિમણૂક વરિષ્ઠતાના આધારે કરવામાં આવે છે. એક કેસ સિવાય, આપણે ચૂંટણી પંચમાં વ્યક્તિના સમગ્ર કાર્યકાળને જોવાની જરૂર છે, ન કે માત્ર CEC તરીકે. ૨-૩ અલગ-અલગ ઉદાહરણોને બાદ કરતાં, તે કાર્યકાળ સમગ્ર બોર્ડમાં ૫ વર્ષનો છે. તેથી મુદ્દો એ છે કે કાર્યકાળની સુરક્ષામાં કોઈ સમસ્યા નથી.

કોર્ટે પૂછ્યું કે, શું EC તરીકે નિમણૂક માટે કોઈ વ્યવસ્થા છે અને શું CEC તરીકે નિમણૂક માટે કોઈ પ્રક્રિયા છે? તેના પર એટર્ની જનરલે કહ્યું કે, આ પરંપરાના આધારે કરવામાં આવે છે. ઝઈઝની કોઈ અલગ નિમણૂક પ્રક્રિયા નથી. નિમણૂક EC તરીકે થાય છે અને પછી ઝઈઝની નિમણૂક વરિષ્ઠતાના આધારે થાય છે.

બંધારણીય ખંડપીઠનું નેતૃત્વ કરી રહેલા જસ્ટિસ કેએમ જોસેફે ફરીથી નિમણૂક પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે, કોઈપણ સરકાર ફક્ત તેને હા જી, હા જી કરતા અથવા તેમના જેવા અધિકારીઓને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવા માંગે છે. સરકારને જે



જોઈએ છે તે મળે છે અને અધિકારીને ભવિષ્યની સુરક્ષા મળે છે. આ બધું બંને પક્ષોને સાચું લાગે છે, પરંતુ આવી સ્થિતિમાં મોટો પ્રશ્ન એ છે કે જે ગુણવત્તાને ગંભીર અસર થઈ રહી છે તેનું શું થશે? તેમની કાર્યવાહીની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉભા થાય છે. આ પોસ્ટ સાથે સ્વાયત્તતા પણ સંકળાયેલી છે.

એટર્ની જનરલ આર વેંકટરામાણીએ કહ્યું કે, ૧૯૯૧થી ચૂંટણી કમિશનરની નિમણૂકની પ્રક્રિયામાં અમને કોઈ ખામી જોવા મળી નથી. જ્યાં સુધી માહિતી કમિશનરની નિમણૂકનો સંબંધ છે, અંજલિ ભારદ્વાજની અરજી પર સુનાવણી દરમિયાન તેમાં ખામીઓ જોવા મળી હતી. કોર્ટે માહિતી કમિશનરની નિમણૂક પ્રક્રિયા માટે માર્ગદર્શિકા બનાવી હતી. કારણ કે ત્યારે માહિતી કમિશનરની ખાલી જગ્યાઓ અને પેન્ડિંગ અરજીઓનો પણ મામલો હતો. પરંતુ ચૂંટણી પંચમાં એવું કંઈ નથી. સરકાર ટૂંકા કાર્યકાળ માટે પણ શું કરી શકે કારણ કે, આ પદ ફક્ત ૬૫ વર્ષની ઉંમર સુધી ચાલુ રાખી શકાય છે. સરકારે તેની સાથે છેડછાડ કરી નથી. ચૂંટણી કમિશનરોની નિમણૂક કરવામાં આવે છે, ત્યારબાદ વરિષ્ઠતાના આધારે મુખ્ય કમિશનર બનાવવામાં આવે છે.

જસ્ટિસ જોસેફે પૂછ્યું હતું કે, જ્યારે તમે કોઈને ચૂંટણી કમિશનર બનાવો છો, ત્યારે માત્ર સરકાર જ જાણે છે કે કોણ ઝઈઝ બનશે અને કેટલા સમય માટે. જસ્ટિસ અજય રસ્તોગીએ એવી પણ ટીપ્પણી કરી હતી કે. ચૂંટણી કમિશનરની નિમણૂક માત્ર સરકાર જ કરે છે, તે ચીફ કમિશનર બને છે. આવા સંજોગોમાં એવું કેવી રીતે કહી શકાય કે તેઓ સરકાર તરફથી સ્વાયત્ત છે. કારણ કે નિમણૂકની પ્રક્રિયા સ્વાયત્ત નથી. પ્રવેશ સ્તરથી જ સ્વતંત્ર પ્રક્રિયા હોવી જોઈએ.

એટર્ની જનરલે કહ્યું કે, બંધારણમાં મુખ્ય ચૂંટણી કમિશનરની સીધી નિમણૂકનો કોઈ ખ્યાલ કે જોગવાઈ નથી. તેના પર જસ્ટિસ કેએમ જોસેફે કહ્યું કે, પછી આપણે જોવું પડશે કે કમિશનરોની નિમણૂક કેવી રીતે થાય છે, કારણ કે ઝઈઝ તેમાંથી બને છે. એટર્ની જનરલે પાકિસ્તાન, અલ્બેનિયા સહિત ઘણા દેશોની જોગવાઈનો ઉલ્લેખ કર્યો, જેના પર જસ્ટિસ જોસેફે કહ્યું કે, આ આપણો દેશ, આપણો કાયદો અને આપણી પ્રક્રિયા છે.

તમારે જણાવવાનું છે કે તમે ચૂંટણી કમિશનરની નિમણૂક પ્રક્રિયામાં સુપ્રીમ કોર્ટના જજોને સામેલ કરવા માંગો છો કે નહીં, પરંતુ નિમણૂક પ્રક્રિયા પારદર્શક અને આદર્શ હોવી જોઈએ.

ચૂંટણી પંચ પર સવાલો ઉઠાવતા સુપ્રીમ કોર્ટની બંધારણીય ખંડપીઠે સરકારને એક ઉદાહરણ સાથે પૂછ્યું કે, જો કોઈ પીએમ પર ક્યારેય આરોપ લાગે છે તો શું પંચે તેની સામે કાર્યવાહી કરી છે? બેન્ચે સરકારને કહ્યું કે, અમને ચૂંટણી કમિશનરની નિમણૂકની સમગ્ર પ્રક્રિયા સમજાવો. તાજેતરમાં તમે કમિશનરની નિમણૂક કરી છે. તમે તેમને કઈ પ્રક્રિયા દ્વારા નોકરી પર રાખ્યા છે?

જસ્ટિસ કેએમ જોસેફ બાદ રસ્તોગી અજય રસ્તોગીએ પણ ચૂંટણી કમિશનરની નિમણૂકની પ્રક્રિયા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, તમે તેની સરખામણી ન્યાયતંત્ર સાથે કરી છે. ન્યાયતંત્રમાં પણ નિમણૂક પ્રક્રિયામાં ફેરફારો થયા હતા. જો પ્રવર્તમાન પ્રણાલીમાં ખામી હોય તો તેમાં સુધારો અને બદલાવ આવવાનો જ છે. જે સરકાર ન્યાયાધીશો અને સીજેઆઈની નિમણૂક કરતી હતી તે પણ મહાન ન્યાયાધીશો બની ગયા, પરંતુ પ્રક્રિયા પર પ્રશ્નાર્થ ચિહ્નો હતા, આથી પ્રક્રિયા બદલાઈ ગઈ છે.

જસ્ટિસ રસ્તોગીએ સરકારને કડક શબ્દોમાં પૂછ્યું કે, ચૂંટણી કમિશનરની નિમણૂક કરતી વખતે તમે તમારી જાતને માત્ર નોકરિયાતો સુધી જ કેમ મર્યાદિત કરો છો? એટર્ની જનરલે કહ્યું કે, આ એક અલગ ચર્ચા હશે. જો કોઈ બાબતમાં મેનિફેસ્ટો હોય તો આપણે તેનું પાલન કેવી રીતે ન કરી શકીએ? આ અગાઉ, એટર્ની જનરલે કહ્યું હતું કે તે કહેવું સાચું નથી કે સરકાર જે અધિકારીને પસંદ કરે છે તેને પસંદ કરે છે અને તેમની નિમણૂક કરે છે.

## બજારની વાત

તા.૨૨.૧૧.૨૦૨૨

| | | |
|---|---|---|
| **ઈન્ડેક્ષ** | | |
| **સેન્સેક્ષ** | | |
| ૬૧૪૧૮.૯૬ | ૨૭૪.૧૨ | ૦.૪૫ |
| **નિફ્ટી** | | |
| ૧૮૨૪૪.૨૦ | ૮૪.૨૦ | ૦.૪૬% |
| **કોમોડીટી** | | |
| **ક્રુડ** | | |
| ૬,૬૭૭.૦૦ | ૯૬.૦૦ | ૧.૪૬% |
| **સોનું** | | |
| ૫૨,૪૫૩.૦૦ | ૧૬૧.૦૦ | ૦.૩૧% |
| **ચાંદી** | | |
| ૬૧,૪૬૮.૦૦ | ૮૩૩.૦૦ | ૧.૩૭% |
| **નેચરલ ગેસ** | | |
| ૫૩૯.૫૦ | -૧૩.૭૦ | ૨.૪૮% |
| **ચલણી નાણું** | | |
| **ડોલર / રૂપિયો** | | |
| ૮૨.૩૭૫૦ | -૦.૪૮ | ૦.૫૮% |

### આખરે ધરતી ઉપર પાણી કેવી રીતે આવ્યું હતું? આમાં સૂર્યની ભૂમિકા હતી?



પૃથ્વી પર પાણી ક્યાંથી આવ્યું તે વિષય પર ઘણા સંશોધનો થયા છે. આમાં મજાની વાત એ છે કે ક્યારેક એવું કહેવામાં આવે છે કે પૃથ્વી પર પાણી એસ્ટરોઈડ્સ અને ઉલ્કાઓથી આવ્યું છે જે અવકાશમાંથી આવે છે, તો ક્યારેક એવું પણ કહેવામાં આવે છે કે પૃથ્વી પર જ પાણીનું નિર્માણ થયું અને શરૂઆતથી અહીં જ થયું હતું.

આમાંના મોટાભાગના સંશોધનો પૃથ્વી પર પડેલા ઉલ્કાઓ અને લઘુગ્રહોના ટુકડાઓ પર કરવામાં આવ્યા છે. પરંતુ તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે આમાં આપણો સૂર્ય પણ ફાળો આપે છે. આ સંશોધનમાં સંશોધકોએ વર્ષ ૨૦૧૦માં જાપાનના હાયાસુબા અભિયાનમાં જમા થયેલા જૂના લઘુગ્રહનો અભ્યાસ કરીને પોતાના પરિણામો પર પહોંચ્યા છે. વૈજ્ઞાનિકોને આશા છે કે આ માહિતી ભવિષ્યના અવકાશ મિશનમાં મદદ કરશે. આ અભ્યાસ દર્શાવે છે કે પૃથ્વી પરનું પાણી અવકાશના ધૂળના કણોમાંથી આવ્યું છે જેમાંથી ગ્રહો બન્યા છે.

પૃથ્વીના મહાસાગરોમાં આટલું બધું પાણી કેવી રીતે આવ્યું તે ગ્રહ વૈજ્ઞાનિકો લાંબા સમયથી જાણવા માગે છે. કેટલાક સિદ્ધાંતોએ સૂચવ્યું છે કે આ ૪.૬ અબજ વર્ષો પહેલા પૃથ્વી પર પડેલા પાણીયુક્ત એસ્ટરોઈડ્સના વરસાદને કારણે થયું હોઈ શકે છે. સંશોધકોનું માનવું છે કે પૃથ્વી પરનું કેટલુંક પાણી 'C' પ્રકારના લઘુગ્રહમાંથી આવ્યું છે.

### સીએમ બનવા માટે દિલ્હીના આંટાફેરા શરુ કરી દીધા

# હિમાચલ પ્રદેશ ચૂંટણી : સર્વેથી કોંગ્રેસના નેતાઓ ઝુમવા લાગ્યા

(એજન્સી દ્વારા) શિમલા, તા.૨૩ હિમાચલની ચૂંટણીના રિઝલ્ટ આવવામાં હજૂ એક પખવાડીયા કરતા પણ વધારે સમય બાકી છે. તેમ છતાં પણ ચૂંટણી સર્વેથી ઉત્સાહિત રાજ્યમાં કોંગ્રેસના દિગ્ગજ મુખ્યમંત્રી પદ મેળવવા માટે હોડ લગાવવા લાગ્યા છે. કોંગ્રેસ સૂત્રોએ કહ્યું છે કે, આંતરિક સર્વેથી સંકેત મળ્યા છે કે, પાર્ટીને હિમાચલમાં બહુમત મળવાની સંભાવના છે. જેનાથી મુખ્યમંત્રી પદના દાવેદારોની સંખ્યા વધી રહી છે. એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું છે કે, તેમને વિશ્વાસ છે કે, કોંગ્રેસ હિમાચલમાં ૪૨થી ૪૬ જેટલી સીટ જીતી રહી છે અને અમુક અપક્ષ ઉમેદવારો પણ તેમના સંપર્કમાં છે.

ત્યારે હવે સ્થિતિ એવી થઈ છે કે, હિમાચલના મોટા નેતાઓ અત્યારથી દિલ્હીમાં પોતાની હાજરી નોંધાવાની શરુ કરી દીધી છે. પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને પ્રચાર સમિતિના પ્રમુખ સુખવિંદર સિંહ સુખ્ખુ દિલ્હીમાં વરિષ્ઠ નેતાઓ સાથે મળવા આવી રહ્યા છે. જ્યારે મંડીથી પાર્ટીના સાંસદ અને પૂર્વ સીએમ વીરભદ્ર સિંહની પત્ની પ્રતિભા સિંહ અને તેમના દીકરા વિક્રમાદિત્યએ પણ દિલ્હીના આંટાફેરા ચાલું કરી દીધા છે. ૧૯૮૩માં હિમાચલમાં સીએમ બન્યા બાદ વીરભદ્ર સિંહનો દબદબો રહ્યો છે. જ્યારે પણ પાર્ટીની સરકાર બની, તેઓ હિમાચલના સીએમ બન્યા છે. ૧૯૮૩ બાદ આ પ્રથમ વાર ચૂંટણી છે, જ્યારે વીરભદ્ર સિંહના નિધન બાદ તેમના વગર કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે. આ વીરભદ્ર સિંહનો જ દબદબો હતો કે, તેમની પત્ની પ્રતિભા સિંહ ચૂંટણી પહેલા અધ્યક્ષ બનીને ચૂંટણીમાં કુદી પડ્યા. પાર્ટીએ તેમના ધારાસભ્ય દીકરા વિક્રમાદિત્યે બીજી વાર મેદાને ઉતાર્યા. પણ તેમનું નગણ્ય પ્રશાસનિક અનુભવ તેમના સીએમ બનવામાં અડચણરુપ બની રહ્યું છે. હિમાચલ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સુખવિંદર સિંહ સુખ્ખુ પણ મુખ્યમંત્રી પદની રેસમાં છે. આ ઉપરાંત ડલહૌઝીથી છ વખત ધારાસભ્ય રહેલા આશા કુમારી પણ સીએમ પદની રેસમાં છે. આશા કુમારી છત્તીસગઢના મુખ્યમંત્રી ટીએસ સિંહદેવની બહેન છે. કેબિનેટ મંત્રી રહેલા આશા કુમારી તો સાતમી વાર વિધાનસભા પહોંચશે તો મુખ્યમંત્રીનો દાવો ઠોકી શકશે.

જ્યારે વીરભદ્ર સિંહના પરિવારને મુખ્યમંત્રીની ખુરશીથી દૂર રાખવું અને તેમના વિરોધી નેતાને કમાન સોંપવી હાઈકમાન્ડ માટે માથાનો દુખાવો સાબિત થઈ શકશે. ત્યારે આવા સમયે વીરભદ્ર સિંહના પરિવારના નજીકના બે પ્રભાવશાળી નેતા મુકેશ અગ્નિહોત્રી અને સુધીર શર્મા પાર્ટી માટે વિકલ્પ બની શકે છે. અહીં ઉલ્લેખનિય છે કે, થોડા મહિના પહેલા ઉત્તરાખંડ ચૂંટણી બાદ પણ કોંગ્રેસે આવી જ આશા વ્યક્ત કરી હતી અને હરીશ રાવતને સીએમ બનાવાની તૈયારી કરી હતી. જ્યારે પરિણામ કંઈક અલગ આવ્યા અને ભાજપની સરકાર બની ગઈ. જો કે, આ વખતે કોંગ્રેસે પોતાના નેતાઓને કહી દીધું છે કે, હિમાચલ ચૂંટણીના પરિણામ ન આવે ત્યાં સુધી દિલ્હી બાજૂ આંટા મારવાનું રહેવા દેજો.

### EWS કોટા પર કાયદાકીય જંગ યથાવત

# સુપ્રીમ કોર્ટમાં કોંગ્રેસ નેતાએ દાખલ કરી પુનર્વિચાર અરજી

### મધ્ય પ્રદેશના એક કોંગ્રેસ નેતાએ રિઝર્વેશન આપવાને લઈને સુપ્રીમ કોર્ટના ચુકાદા પર સમીક્ષા અરજી દાખલ કરી છે

(એજન્સી દ્વારા)નવી દિલ્હી, તા.૨૩ સુપ્રીમ કોર્ટે આર્થિક આધાર પર ૧૦ ટકા અનામત આપવાને લઈને કેન્દ્ર સરકારના નિર્ણયને યથાવત રાખ્યો હતો. હવે મધ્યપ્રદેશના એક કોંગ્રેસ નેતાએ આ નિર્ણય વિરુદ્ધ રિવ્યૂ પિટિશન ફાઈલ કરી છે. નોંધનીય છે કે કોંગ્રેસે પહેલા પણ સુપ્રીમ કોર્ટના ચુકાદા પર સ્પષ્ટ સહમતિ કે અસહમતિ વ્યક્ત કરી નહોતી.

પૂર્વ ચીફ જસ્ટિસ યૂયૂ લલિતના નેતૃત્વમાં ૫ જજોની પીઠે ૩:૨ ના બહુમતથી ચુકાદો આપ્યો હતો. ચુકાદો બંધારણના ૧૦૩માં સંશોધનના પક્ષમાં સંભળાવવામાં આવ્યો હતો. પરંતુ પૂર્વ સીજેઆઈ યૂયૂ લલિત અને જસ્ટિસ રવીન્દ્ર ભટે સરકારના નિર્ણય વિરુદ્ધ પોતાનો મત રાખ્યો હતો. બાકી ત્રણેય જજોએ આર્થિક અનામતના સમર્થનમાં પોતાના વિચાર રાખ્યા હતા. તેમનું કહેવું છે કે આ કોટા બંધારણની મૂળ ભાવના વિરુદ્ધ નથી. આ રીતે જનરલ વર્ગને આર્થિક આધાર પર મળનાર રિઝર્વેશન યથાવત રહેશે. પરંતુ હવે જોવાનું છે કે કોંગ્રેસ નેતાની અરજી પર સુપ્રીમ કોર્ટ શું ચુકાદો આપે છે.

મધ્ય પ્રદેશ કોંગ્રેસના નેતા ડો. જયા ઠાકુરે સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરી છે. આ પહેલા કોંગ્રેસ નેતા ઉદિત રાજ પણ આ ચુકાદાનો વિરોધ કરી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના અનામતની વાત આવે છે તો ઈન્દિરા સાહની મામલાની વાત કરી ૫૦ ટકા અનામતનો હવાલો આપવામાં આવે છે. હવે કહેવામાં આવી રહ્યું છે કે અનામતની કોઈ મર્યાદા નથી.

જાણકારોનું કહેવું છે કે કોંગ્રેસ દક્ષિણ રાજ્યોમાંથી ઉઠતી માંગના દબાવમાં છે. તમિલનાડુના મુખ્યમંત્રીએ કોંગ્રેસ સહિત ઘણા રાજકીય પક્ષોને બોલાવીને સર્વદળીય બેઠક કરી અને ૧૦૩માં સંશોધનનો અસ્વીકાર કર્યો હતો. તે હેઠળ ૧૦ ટકા અનામત આપવામાં આવે છે. તમિલનાડુથી ઉઠતા અવાજને જોઈને કોંગ્રેસે કહ્યું હતું કે આ ચુકાદા પર હજુ વિચાર કરી શકાય છે. તેની રાજકીય સમીક્ષા કરવામાં આવશે.

### એરટેલના ગ્રાહકોને મોટો ઝટકો:

# એરટેલમાં હવે શું મિનિમમ રિચાર્જ રૂ.૧૫૫નું કરાવવું પડશે?..વેલિડિટી ૨૪ દિવસ જ મળશે!

(એજન્સી દ્વારા) નવીદિલ્હી,તા.૨૩ એરટેલે હરિયાણા અને ઓડિશામાં પોતાના રિચાર્જ પ્લાનની કિંમતોમાં ભારે વધારો કર્યો છે. ન્યૂજ એજન્સી પીટીઆઈના એક રિપોર્ટ અનુસાર, કંપનીએ અહીં મિનિમમ રિચાર્જની કિંમત ૫૭ ટકા વધારી દીધી છે. હવે મિનિમમ રિચાર્જ માટે ૯૯ રૂપિયાની જગ્યાએ ૧૫૫ રૂપિયા ચુકવવા પડશે. આ ઉપરાંત નવા પ્લાનમાં વેલિડિટી પણ ૨૮ દિવસની જગ્યાએ ૨૪ દિવસની મળશે. ૯૯ રૂપિયાના પ્લાનમાં ૯૯ રૂપિયાના ટોકટાઈમ સાથે 200MB ડેટા મળતો હતો. આ પ્લાનમાં કોલ રેટ ૨.૫ પૈસા પર સેકન્ડ હતું. ટેરિફમાં વધારાના કારણની વાત કરીએ તો, એરટેલ તેના દ્વારા પોતાની એવરેજ રેવન્યુ પર યુઝર (ARPU) વધારવા માગતી હતી. એરટલેનું (ARPU) આ વર્ષે બીજા ક્વાર્ટર (FY23 Q2)માં ૧૯૦ રૂપિયા હતું. તે તેને ૩૦૦ રૂપિયા સુધી પહોંચાડવા માગે છે. ૧૫૫ રૂપિયાના પ્લાનમાં અનલિમિટેડ કોલિંગની સાથે સાથે ૧ય્ ડેટા, ૩૦૦ જીસ્જી અને ૨૪ દિવસની વેલિડિટી મળશે. માનવામાં આવી રહ્યું છે કે, કંપની ૧૫૫ રૂપિયાથી નીચે તમામ પ્લાન બંધ કરી દેશે. રિપોર્ટ્સનું માનીએ તો, કંપનીએ આ પ્લાનને ટ્રાયલ બેઝ તરીકે બે સર્કલમાં શરુ કર્યો છે અને ટૂંક સમયમાં જ તે બીજા સર્કલમાં પણ રોલઆઉટ કરી દેશે. ટેલીકોમ રેગ્યુલેટરી અથોરિટી ઓફ ઈંડિયાના જણાવ્યા અનુસાર, એરટેલના ભારતમાં કુલ ૩૬.૪૨ કરોડ યુઝર્સ છે. એરટેલ દેશની બીજી સૌથી મોટી ટેલીકોમ કંપની છે. જિયો ૪૧.૯૯ ગ્રાહકો સાથે ટોપ પર છે.

### ભારતીયો માટે ત્રણ-ત્રણ વર્ષનું વેઈટિંગ

# અમેરિકાના Visa માટે લાઈન વધુ લાંબી થઈ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી, તા.૨૩ તમે અમેરિકાના વિઝા મેળવવાનું વિચારતા હોવ તો તમારું કામ ઘણું મુશ્કેલ થવાનું છે. US Visa માટેની લાઈન સતત લાંબી થતી જાય છે અને તેના કારણે વેઈટિંગ પિરિયડ વધી ગયો છે. ખાસ કરીને બિઝનેસ કે ટુરિસ્ટ વિઝા મેળવવા હોય તો ભારતીયોએ ત્રણ વર્ષ સુધી રાહ જોવી પડે તેમ છે. જે લોકોએ પહેલી વખત બિઝનેસ (B1) અને ટુરિસ્ટ (B2) વિઝા માટે અરજી કરી છે તેમણે ત્રણ-ત્રણ વર્ષ વેઈટિંગમાં રહેવું પડશે. અમેરિકન સ્ટેટ ડિપાર્ટમેન્ટે મંગળવારે જણાવ્યું હતું કે ટુરિસ્ટ વિઝા (B1/B2) ઈન્ટરવ્યૂ માટે ગ્લોબલ સરેરાશ વેઈટિંગ ટાઈમ બે મહિનાથી ઓછો છે. અમેરિકન સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું છે કે B1 અથવા B2 વિઝાના અરજકર્તાઓને ઈન્ટરવ્યૂ માટે વેઈટિંગનો ગાળો મુંબઈમાં ૯૯૯ દિવસ, હૈદરાબાદમાં ૯૯૪ દિવસ, નવી દિલ્હીમાં ૯૬૧ દિવસ, ચેન્નાઈમાં ૯૪૮ દિવસ અને કોલકાતામાં ૯૦૪ દિવસ છે. પહેલી વખત જેમણે US વિઝા માટે અરજી કરી છે અથવા જેઓ તેમના માટે વિઝા ડ્રોપ બોક્સ એપ્લિકેશનને પાત્ર નથી તેમના માટે ઈન્ટરવ્યૂનો સમય ઘણો વધારે છે. તેથી અત્યારે કોઈએ પહેલી વખત મ૧ કે મ૨ વિઝા માટે અરજી કરી હોય તો તેને ઈન્ટરવ્યૂ માટે છેક ૨૦૨૫માં બોલાવવામાં આવશે.

અમેરિકન સરકારના અધિકારીએ કહ્યું કે લોકોએ અરજી કરવાનું જારી રાખવું જોઈએ કારણ કે એક વખત લાઈન આગળ વધવા લાગશે ત્યારે પછી વેઈટિંગનો સમયગાળો ઘટી જશે અને તમે કોઈ પણ વધારાની ફી ચૂકવ્યા વગર ઈન્ટરવ્યૂને એડવાન્સ કરી શકો છો.

અમેરિકન સરકાર માટે છે કે ૨૦૨૩માં સ્થિતિ સામાન્ય થઈ જશે અને કોવિડ અગાઉ જે રીતે વિઝાના ઈન્ટરવ્યૂ ગોઠવાઈ જતા હતા તે રીતે ઝડપથી કામ થવા લાગશે.

# મોદી સરકારના મંત્રીનો દાવો,"કેન્દ્રમાં ૧૬ લાખ રોજગારની તક દર મહિને તૈયાર થઈ રહી છે "

(એજન્સી દ્વારા) નવી દિલ્હી, તા.૨૩ રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે મંગળવારે દાવો કર્યો છે કે, કેન્દ્ર સરકારમાં દર મહિને લગભગ ૧૬ લાખ રોજગાર ઊભા થઈ રહ્યા છે. વૈષ્ણવે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ દ્વારા અજમેરમાં આયોજીત રોજગાર મેળામાં સંબોધન કરી રહ્યા હતા. સત્તાવાર નિવેદન અનુસાર, વૈષ્ણવે પોતાના સંબોધનમાં કહ્યું કે, આ સરકારમાં દર મહિને લગભગ ૧૬ લાખ રોજગાર ઊભા થઈ રહ્યા છે અને પારદર્શિતા મોદી સરકારની માસ્ટર કી છે. તેમણે કહ્યું કે, સમગ્ર વિશ્વમાં આર્થિક સંકટની સ્થિતિમાં ભારત સંભાવનાઓથી ભરેલો એક ઊર્જા સ્રોત તરીકે ઊભરી રહ્યો છે. તેમણે કહ્યું કે, મોદી સરકારની યોજનાઓથી આજે દરેક વર્ગની જિંદગી સરળ થઈ ગઈ છે. યુવાનોને રાષ્ટ્ર પ્રથમ સદૈવ પ્રથમનો મંત્ર અપનાવવાનું આહ્વાન કરતા તેમણે કહ્યું કે, જીવનમાં એ લોકોને જ વિજય પ્રાપ્ત થયા છે, જે હંમેશા પોતાના કર્તવ્યમાં રાષ્ટ્રને પ્રથમ રાખે છે. તો વળી યુવાનો સામે આવનારા સંશય સહિત અન્ય પડકારોનો ઉલ્લેખ કરતા વૈષ્ણવે કહ્યું કે, તેઓ ફક્ત એક વાત યાદ રાખે કે ક્યારેય મનમાં કોઈ પ્રકારનો સંશય નહીં હોય, તે મંત્ર છે રાષ્ટ્ર પ્રથમ સદૈવ પ્રથમ. તેમણે કહ્યું કે, જીવનના અલગ અલગ ભાગોમાં તેના કેટલાય ઉદાહરણો લઈ શકાય છે. પણ એ લોકો જ આગળ આવ્યા, જે લોકોએ સંતુષ્ટિ અને વિજય પ્રાપ્ત માટે હંમેશા પોતાના કર્તવ્યમાં રાષ્ટ્રને પ્રથમ રાખ્યો. ઉલ્લેખનિય છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રોજગાર મેળા અંતર્ગત ૭૧,૦૦૦થી વધારે યુવાનોને નિયુક્ત પત્ર આપવાનો કાર્યક્રમ વીડિયો કોન્ફેન્સિંગ દ્વારા શરુઆત કરી હતી. પ્રધાનમંત્રીએ કર્મયોગી પ્રારંભ મોડ્યૂલ શરુ કર્યું જે તમામ નવનિયુક્ત વ્યક્તિઓ માટે ઓનલાઈન ઓરિએંટેશન કોર્સ છે.

નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

સોમવારે ૩૪ મહિલા સૈન્ય અધિકારીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી ફરિયાદ સેનાના કામકાજ અને ખાસ કરીને તેની પ્રમોશન પોલિસી પર ઘણા સવાલો ઉભા કરે છે. આ મહિલા અધિકારીઓનો આરોપ છે કે સુપ્રીમ કોર્ટના આદેશ છતાં તેમને સેનામાં યોગ્ય પ્રમોશન નથી મળી રહ્યું. ધ્યાનમાં રાખો, સેનાને પરંપરાગત રીતે પુરુષો માટે કામનું ક્ષેત્ર માનવામાં આવે છે અને તેમાં પ્રવેશ મેળવવા માટે મહિલાઓને લાંબી લડાઈ લડવી પડે છે. પ્રવેશ મેળવ્યા પછી પણ તેમની સાથે સમાન વ્યવહાર થાય તે માટે તેમને દરેક પગલે સંઘર્ષ કરવો પડે છે. જો કે, દેશનું બંધારણ નાગરિકોને સમાન અધિકાર આપે છે અને તેથી કોઈ પણ ક્ષેત્રમાં લિંગના આધારે ભેદભાવનો કોઈ અવકાશ નથી.''ચોક્કસપણે આર્મીમાં વિવિધ પોસ્ટ્સ પર પોસ્ટિંગ માટે કડક ધોરણો છે અને તે ધોરણોમાં કોઈ છૂટછાટની હિમાયત કરી શકાતી નથી. પરંતુ જો મહિલા સૈન્ય અધિકારીઓ તેમની ઉમેદવારી અંગે યોગ્ય વિચારણા કરવાનો આગ્રહ રાખે તો તેમાં કંઈ અયોગ્ય નથી. આ બાબતોને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ સેનામાં શોર્ટ સર્વિસ કમિશનની મહિલા અધિકારીઓને કાયમી કમિશન આપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. આ પછી, માર્ચ ૨૦૨૧ માં, સુપ્રીમ કોર્ટે અન્ય એક નિર્ણયમાં કહ્યું હતું કે સેનામાં કાયમી ધોરણે સામેલ કરવામાં આવેલી આ મહિલા અધિકારીઓ પ્રમોશન સહિત તમામ લાભો મેળવવા માટે હકદાર હશે. સુપ્રીમ કોર્ટના આ સ્પષ્ટ વલણ છતાં, તાજેતરની અરજી પરથી જોવામાં આવે છે, આ મહિલા અધિકારીઓને કોઈ પ્રમોશન આપવામાં આવ્યું નથી, જ્યારે તે દરમિયાન પુરૂષ અધિકારીઓના પ્રમોશનની પ્રક્રિયાને આગળ વધારવામાં આવી છે. પરિણામે આ મહિલા અધિકારીઓને તેમના જુનિયર અધિકારીઓને આધીન રહીને કામ કરવાની ફરજ પડે છે.''સુપ્રીમ કોર્ટમાં પ્રશ્ન યોગ્ય રીતે ઉઠાવવામાં આવ્યો હતો કે મહિલા અધિકારીઓ માટે પ્રમોશન બોર્ડ કેમ નથી જ્યારે પુરુષોના પ્રમોશન બોર્ડે પણ ઝડપી નિર્ણયો લીધા છે. મહિલા અધિકારીઓની વધારાની જગ્યાઓ માટે નાણા મંત્રાલયની મંજૂરી જરૂરી છે, જે વિલંબિત થઈ રહી છે તે કામચલાઉ જવાબને સ્વીકારવું મુશ્કેલ લાગે છે. મહિલા અધિકારીઓ માટે હાજર રહેલા વકીલે તરત જ નિર્દેશ કર્યો કે મહિલાઓની બઢતી વધારાની પોસ્ટની શ્રેણીમાં આવે છે, જ્યારે પુરુષોની બઢતી સામાન્ય પોસ્ટની શ્રેણીમાં આવે છે જેને નાણા મંત્રાલયની કોઈ વિશેષ મંજૂરીની જરૂર નથી. જો કે, સેના દ્વારા બે અઠવાડિયામાં સત્તાવાર જવાબ દાખલ કરવામાં આવશે. કદાચ આ કિસ્સામાં કોઈ વાસ્તવિક અવરોધ છે. પરંતુ અવરોધ ગમે તે હોય, તેને કોઈપણ ભોગે દૂર કરવાની જરૂર છે.

# ક્રૂડ તેલના વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૧૮૯ની નરમાઈ: નેચરલ ગેસમાં સુધારો

**સોનાનો વાયદો રૂ.૪૫ અને ચાંદીનો વાયદો રૂ.૫૫૩ વધ્યો: કોટનમાં રૂ.૮૦ની વૃદ્ધિ: મેન્થા તેલ ઢીલુ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૫૦૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૪૩૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૪ કરોડનાં કામકાજ**

ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિશ ત્રિવેદી
Email
naimish.trivedi@mcxindia.com

મુંબઈ:
દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૪૧,૧૪૯ સોદાઓમાં કુલ રૂ.૨૮,૯૭૪.૧૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨૫૦૪.૨૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૬૪૩૬.૩૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૮,૪૭૪ સોદાઓમાં કુલ રૂ.૫,૮૮૪.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૩૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૪૭૨ અને નીચામાં રૂ.૫૨,૧૬૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૫ વધી રૂ.૫૨,૩૩૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૧ વધી રૂ.૪૨,૪૦૧ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૫,૧૬૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૦૦૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૫૨,૧૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૧૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૬૯૪ અને નીચામાં રૂ.૬૦,૮૫૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૫૩ વધી રૂ.૬૧,૫૩૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૦૫ વધી રૂ.૬૧,૪૮૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૧૨ વધી રૂ.૬૧,૫૬૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૭,૬૬૧ સોદાઓમાં રૂ.૨,૬૪૦.૬૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૮૫ ઘટી રૂ.૨૦૬.૯૦ અને જસત નવેમ્બર વાયદો રૂ.૦.૩૦ ઘટી રૂ.૨૬૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૬૬૮.૫૦ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૮,૦૨૦ સોદાઓમાં કુલ રૂ.૩,૮૯૮.૮૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૬૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૩૪ અને નીચામાં રૂ.૬,૫૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૮૯ ઘટી રૂ.૬,૫૩૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૯.૩૦ વધી રૂ.૫૯૬.૮૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૦૬૯ સોદાઓમાં રૂ.૮૦.૫૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૮૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૦૮૦ અને નીચામાં રૂ.૩૧,૨૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦ વધી રૂ.૩૧,૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૨૦ ઘટી રૂ.૯૪૭.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૮૦.૪૩ કરોડનાં ૪,૩૫૩.૫૮૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૬૦૩.૭૧ કરોડનાં ૫૮૨.૧૮૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૪૭.૩૩ કરોડનાં ૧૮,૮૧,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૬૫૧ કરોડનાં ૪૩૫૦૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૬૪.૫૧ કરોડનાં ૨૦૫૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૬.૦૮ કરોડનાં ૧૬૭.૭૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૬૧૮.૦૮૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૨૮.૪૯૩ ટન, ક્રૂડ તેલમાં ૧૨૯૧૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૫૬૭૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૧૧૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૯ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૫૦ કરોડનાં ૪૬૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૫૪૧ના સ્તરે ખૂલી, ૩૬ પોઈન્ટ વધી ૧૪,૫૮૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૬,૪૩૬.૩૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૮૧૫.૩૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૦૫.૫૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૨૬૩.૪૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૬૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૧૧.૦૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૮ ખૂલી, ઉપરમાં રૂ.૨૪૦ અને નીચામાં રૂ.૧૭૫ રહી, અંતે રૂ.૪૬.૯૦ ઘટી રૂ.૧૮૨.૫૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૨૫ અને નીચામાં રૂ.૦.૭૫ રહી, અંતે રૂ.૬.૪૫ વધી રૂ.૮.૧૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૫૦ અને નીચામાં રૂ.૨.૫૦ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૮.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૬૧.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૯૦ અને નીચામાં રૂ.૦.૫૦ રહી, અંતે રૂ.૧૧૧ વધી રૂ.૨૫૬ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨ ખૂલી, ઉપરમાં રૂ.૧૩ અને નીચામાં રૂ.૬.૫૦ રહી, અંતે રૂ.૨.૫૦ ઘટી રૂ.૯.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૪ ખૂલી, ઉપરમાં રૂ.૩૫૨.૮૦ અને નીચામાં રૂ.૨૪૪ રહી, અંતે રૂ.૯૩.૮૦ વધી રૂ.૩૩૭.૪૦ થયો હતો. જ્યારે સોનું નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨ ખૂલી, ઉપરમાં રૂ.૭૪ અને નીચામાં રૂ.૪૨ રહી, અંતે રૂ.૧૬ વધી રૂ.૫૮ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૧૫ ખૂલી, ઉપરમાં રૂ.૭.૭૦ અને નીચામાં રૂ.૦.૬૫ રહી, અંતે રૂ.૧૩.૩૫ ઘટી રૂ.૦.૮૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૧૫ ખૂલી, ઉપરમાં રૂ.૪૯૦ અને નીચામાં રૂ.૨૦૨ રહી, અંતે રૂ.૧૭૨ ઘટી રૂ.૨૪૪.૫૦ થયો હતો. સોનું-મિનીનવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧ ખૂલી, ઉપરમાં રૂ.૯૮.૫૦ અને નીચામાં રૂ.૪૧ રહી, અંતે રૂ.૨૭.૫૦ વધી રૂ.૭૩ થયો હતો.

# ગુજરાત ચૂંટણી : નવ કારણો જેને લીધે ભાજપ પક્ષમાં થતાં અસંતોષના ભડકાને ઠારી દે છે

(ગતાંકનું ચાલુ)

તે સમયે ખબર પૂછવાના બહાને ભાજપના ૫૦થી વધુ અસંતોષી નેતાઓએ કેશુભાઈના ગાંધીનગરસ્થિત નિવાસસ્થાને મોદીવિરોધી સંમેલન કર્યું હતું.

**નરેન્દ્ર મોદી સામે ખુલ્લેઆમ બળવો**

ભાજપ નેતા પરસોત્તમ સોલંકીએ એ સમયે મોદી સામે આકરો નિવેદનો કર્યાં હતાં. જોકે પરસોત્તમ સોલંકી ભાજપ છોડીને ન ગયા. તે વેળા કાશીરામ રાણાએ નિવેદન આપ્યું હતું કે પક્ષના નેતાઓની લાગણી અમે હાઈકમાન્ડ સુધી પહોંચાડીશું.

૨૦૦૪માં થયેલી લોકસભાની ચૂંટણીમાં વાજપેયી સરકારની હાર થઈ. ગુજરાતમાં પણ ભાજપને ધારવા કરતા ઓછી બેઠકો મળી અને તેને કારણે નરેન્દ્ર મોદીએ મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું.

તે વખતે ૨૦૦૨માં પડતા મુકાયેલા ગોરધન ઝડફિયાનું નામ પણ હતું. પણ શપથવિધિ સમારોહમાં જ્યારે તેમના નામની જાહેરાત થઈ તે વખતે ખુલ્લા મંચ પરથી ગોરધન ઝડફિયાએ મંત્રી બનવાની ના પાડીને મોદી સામે ખુલ્લેઆમ બળવો કર્યો. ત્યાર બાદ તેમણે પોતાની પાર્ટી મહાગુજરાત જનતા પાર્ટી બનાવી.

૨૦૦૭માં ધીરુ ગજેરા, કાશીરામ રાણા, સુરેશ મહેતા, તત્કાલીન કૃષિમંત્રી બેચર ભાદાણી, વલ્લભ કથીરિયા, ગોરધન ઝડફિયા, બાવકુ ઉંધાડ, સિદ્ધાર્થ પરમાર, રમિલા દેસાઈ, બાલુ તંતી જેવા નેતાઓએ મોદી સામે બળવો કર્યો. જોકે મહાગુજરાત જનતા પાર્ટીનો એક પણ ઉમેદવાર વિધાનસભામાં ચૂંટાયો નહીં.

કેશુભાઈ પટેલે ૨૦૧૨માં ભાજપમાંથી રાજીનામું આપ્યું અને નવી પાર્ટી ગુજરાત પરિવર્તન પાર્ટી બનાવી. ગોરધન ઝડફિયાની મહાગુજરાત જનતા પાર્ટીનું તેમાં વિલીનીકરણ થઈ ગયું. જોકે ગુજરાત પરિવર્તન પાર્ટીના માત્ર બે જ ધારાસભ્યો ચૂંટાયા. વીસાવદરથી કેશુભાઈ પટેલ પોતે અને ધારીથી નલિન કોટડિયા.

૨૦૧૪માં કેશુભાઈ ફરી ભાજપમાં જોડાઈ ગયા, ગોરધન ઝડફિયા પણ ભાજપમાં જોડાઈ ગયા. ઉપરાંત ભાજપ છોડીને ગયેલા ઘણા




નેતાઓ ભાજપમાં ફરી જોડાઈ ગયા.

પૂર્વ પ્રદેશ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા પણ મોદીથી નારાજ હતા. જોકે તેમણે પાર્ટી નહીં છોડી પરંતુ સક્રિય રાજકારણ જ છોડી દીધું. સંઘના નજીકના મનાતા ભાજપ નેતા સંજય જોષીના નરેન્દ્ર મોદી સાથેના સંબંધો પણ બગડ્યા. કથિત સીડીકાંડ થયા બાદ સંજય જોષી રાજકારણથી દૂર થઈ ગયા. જોકે બાદમાં તેમણે પણ ભાજપની નેતાગીરી સાથે સમાધાન કરી લીધું એવું કહેવાય છે.

**નીતિન પટેલ નહીં વિજય રૂપાણી મુખ્ય મંત્રી બન્યા**

૨૦૧૪માં મોદી વડા પ્રધાન બન્યા અને ગુજરાતમાં આનંદીબહેન પટેલને મુખ્ય મંત્રી બનાવાયાં. પરંતુ પાટીદાર આંદોલનને કારણે આનંદીબહેન પટેલની ખુરશી ગઈ એવું માનવામાં આવે છે. એ સમયે મુખ્ય મંત્રી તરીકે નીતિન પટેલનું નામ રેસમાં સૌથી આગળ હોવા છતાં રૂપાણીને મુખ્ય મંત્રી બનાવી દેવાયા. "નારાજ" નીતિન પટેલને નાયબ મુખ્ય મંત્રી બનાવાયા અને તેઓ પક્ષને વફાદાર રહ્યા.

૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી ભાજપ જીત્યો ખરો પણ બેઠકો અને વોટ શેરમાં ભયંકર ઘટાડો થયો. ફરી વિજય રૂપાણી મુખ્ય મંત્રી બન્યા અને નીતિન પટેલને માત્ર મંત્રી બનાવાયા. જોકે બાદમાં તેમને નાયબ મુખ્ય મંત્રી બનાવાયા અને તેમનો રોષ ઠંડો પડ્યો.

સમય જતાં ભાજપે આખું મંત્રીમંડળ બદલી નાખ્યું અને વિજય રૂપાણીને બદલીને ભૂપેન્દ્ર પટેલને મુખ્ય મંત્રી બનાવ્યા. અંદરખાને નારાજગી તો હતી પણ પરંતુ તે બળવામાં તબદિલ ન થઈ.

અમદાવાદ યુનિવર્સિટીમાં પૉલિટિકલ સાયન્સ ભણાવતા આસિસ્ટન્ટ પ્રોફેસર સાર્થક બાગચી કહે છે કે, "ભાજપમાં ભલે સંઘના સંસ્કારો રોપાયેલા હોય પરંતુ સમય જતા તેમાં ઘણાં જૂથો પણ પેદા થયાં છે. ઉપરાંત પક્ષમાં બહારના લોકોએ પણ પ્રવેશ મેળવ્યો છે. એટલે તેની સાથે નેતાઓમાં અસંતોષ, જૂથવાદ, સત્તાની લાલસા, મહત્ત્વાકાંક્ષા વધે એ સ્વાભાવિક છે. કારણ કે વિચારધારાથી આકર્ષણ એ અલગ છે અને વિચારધારાથી પ્રતિબદ્ધ થવું એ અલગ છે."

શિરીષ કાશીકર પણ કહે છે કે ભલે કૉંગ્રેસમાંથી ઘણા લોકો ભાજપમાં આવ્યા છે પણ ભાજપ એ સંકેત તો આપે જ છે કે ભલે તમે અત્યાર સુધી વિરોધી રહ્યા, પણ હવે તેમણે ભાજપની વિચારધારા અપનાવવી જ પડશે.

જોકે પ્રોફેસર સાર્થક બાગચી કહે છે કે, "સમય જતા ભાજપને પણ વિચારધારાની પ્રતિબદ્ધતા મામલે પ્રશ્નોનો સામનો કરવાનો વારો આવશે, કારણ કે ભાજપમાં ઘણા કૉંગ્રેસના નેતાઓ આવી ગયા છે. તેમને બધાને હોદ્દા આપીને ખુશ કરવા મુશ્કેલ બનશે."

**ભાજપ આંતરિક વિખવાદને કઈ રીતે ડામી દે છે?**

**સત્તામાં ભાગીદારી-** રાજકીય વિશ્લેષક હરિ દેસાઈ કહે છે કે, "સત્તા હોવાના કારણે અસંતોષી નેતાને અન્ય પદ પર ગોઠવવાની તકો ઉજળી હોય છે." જોકે રાજકીય વિશ્લેષક શિરીષ કાશીકર કહે છે કે, "જો અન્યાય થયો એવું લાગે તો ભાજપ પાસે તેમના લોકોને સાચવવાના તરીકાઓ પણ છે અને તે સાચવી લે છે તેવાં ઉદાહરણો પણ છે."

**અમને ફરક નથી પડતો તેવું વલણ-** શંકરસિંહ વાઘેલા અને કેશુભાઈ પટેલ જેવા દિગ્ગજ નેતાઓએ બળવો કર્યો છતાં ભાજપને ૨૪ વર્ષથી સત્તાથી દૂર કરી શકાયો નથી. શિરીષ કાશીકર કહે છે કે, "કોઈ નેતા પાર્ટીની વિચારધારાથી અલગ થાય તો પછી પાર્ટી તેમના માટે વિચારવાનું બંધ કરે છે. ભૂતકાળનાં ઉદાહરણો છે કે જેમણે ભાજપ છોડ્યો હતો તેઓ તડકે મુકાઈ ગયા હતા. તે પૈકીના ઘણા લોકો ભાજપમાં મોઢામાં તરણું લઈને પરત ફર્યા છે."

**બળવાખોરો કશું બગાડી નહીં શકે તેવો વિશ્વાસ-** ભૂતકાળના અનુભવ પરથી ભાજપને આત્મવિશ્વાસ છે કે જો તેઓ વિરોધી પાર્ટીમાં જશે તો ત્યાં વિખવાદ વધશે અને તેમની વિચારધારાને નહીં અપનાવી શકે. હરિ દેસાઈ કહે છે કે, "શંકરસિંહ વાઘેલાનું શું થયું તે બધાને ખબર છે. ભાજપથી અલગ થઈને તેમના બનાવેલા પક્ષ રાજપાને માત્ર ચાર બેઠક મળી હતી. કેશુભાઈ પટેલ અને ગોરધન ઝડફિયાએ ભાજપમાં પાછા ફરવું પડ્યું. આથી ભાજપના નેતાઓ હવે બળવો કરતા સો વખત વિચાર કરે છે."

**પક્ષના નિષ્ઠાવાન કાર્યકર્તાઓ પર ભરોસો-** ભાજપને તેમના નિષ્ઠાવાન મનાતા કાર્યકર્તાઓ અને સંઘ પર સંપૂર્ણ ભરોસો છે તેવું માનવામાં આવે છે. શિરીષ કાશીકર કહે છે કે, "ઘણા નેતાઓ સંઘના બૅકગ્રાઉન્ડથી આવે છે, એટલે તેમનામાં શિસ્ત, અનુશાસન, સંયમ, સંસ્કાર અને જવાબદારી જેવા ગુણો રોપાયેલા હોય છે. જોકે એવું જરૂરી નથી કે ભાજપમાં સંઘના નિયમો લાગુ જ પડતા હોય, પણ છતાં તેમની વિચારધારા સ્પષ્ટ હોવાને કારણે ફરક તો પડે છે."

**વિરોધીઓ સામેની રણનીતિ-** ભાજપ ચોક્કસ રણનીતિ સાથે કામ કરે છે અને વિરોધીઓને પોતાની પડખે કરી લે છે. છેલ્લા દાયકામાં ઘણા કૉંગ્રેસી નેતાઓ ભાજપમાં જોડાયા છે. હરિ દેસાઈ કહે છે કે, "જે અમારા નથી તેમનું કામ ન થવું જોઈએ એ પ્રકારનું વલણ અને તેમને માટે ઊભી થતી પરેશાની પણ એક પરિબળ છે." જોકે શિરીષ કાશીકર કહે છે કે, "થોડા સમય પહેલાં શંકરસિંહ વાઘેલાના ઘરે દરોડા પડ્યા હતા, પણ તેઓ ક્યાં ભાજપમાં જોડાયા. એટલે આ પ્રકારનો ડર કયા પ્રકારના નેતા છે અને તે કેટલા સક્ષમ છે તેના પર આધારિત છે. આ તો તડ-જોડની રાજનીતિ છે."

(વધુ આવતા અંકે)

# અનઅપેક્ષિત થવાથી આપનો આંતરિક વિકાસ થશે

★ જે વિકાસ વિશ્રામદાયી નથી તે વિકાસ શું કામનો?
★ પાંચ વીટપનો સમૂહ એ જ પંચવટી છે.
★ રામ મનના સાધુ છે,મહાદેવ વચનના સાધુ છે, હનુમાનજી સેવા-કર્મના સાધુ છે.



ધર્મધરા કુરુક્ષેત્ર ઉપરથી પાંચમા દિવસે અનેક સંત ગણોની હાજરીમાં બાપુએ કહ્યું કે એક પ્રશ્ન એવો છે કે જો વ્યક્તિ અપેક્ષા મુકત થઈ જાય તો જગતનો વિકાસ રોકાઈ જશે.બાપુએ કહ્યું કે દુનિયાનું જે થાય તે,પણ અનઅપેક્ષિત થવાથી આપનો આંતરિક વિકાસ થશે.આપની દક્ષતા વધે છે-કર્મ કરવાની દક્ષતા વધે છે.અર્જુને કૃષ્ણને કહ્યું કે હથિયાર ના ઉઠાવો પણ મારા ઘોડાની લગામ હાથમાં લેજો! ભગવાને મનમાં કહ્યું હશે કે મારું કોઈ ઠેકાણું નહીં હું લગામ પણ છોડી દઈશ જ્યારે ભીષ્મ આવશે.શસ્ત્ર ન ઉઠાવ્યું પણ શાસ્ત્ર ઉઠાવ્યું અને એ હતું ભગવત ગીતા.સુદર્શન ચક્ર ઉઠાવ્યું આ સુદર્શન સૌથી મોટું શાસ્ત્ર છે મહાપુરુષનું દર્શન,વિજયશ્રીની તો વાત છોડો,ફળની વાત છોડો,રસ આવવા માંડે છે. દુનિયાનો વિકાસ પવિત્રતા વધવાથી થાય છે.અપેક્ષા મુક્ત થવાથી જ વિકાસ થશે,મલિનતાથી નહીં થાય. વિનાશકારી હોય એ વિકાસ શું કામનો? અન અપેક્ષિત થવાથી આપણી વ્યક્તિગત પવિત્રતાનો વિકાસ થાશે.જેટલા ખાલી થશો એટલું એ વધારે ભરશે.જે વિકાસ વિશ્રામદાયી નથી તે વિકાસ શું કામનો?અને પાંચ પાંડવ ધર્મ ક્ષેત્ર છે. રામચરિતમાનસ કહે છે:ધરમ ન દૂસર સત્ય સમાના.. સત્ય જેવો કોઈ ધર્મ નથી.રામ મનના સાધુ છે, મહાદેવ વચનના સાધુ છે અને હનુમાનજી સેવા-કર્મના સાધુ છે.રામો વિગ્રહવાન ધર્મ. પહેલું ધર્મક્ષેત્ર સત્ય છે,બીજું ધર્મ ક્ષેત્ર આત્મબળ-સંકલ્પબળ છે. અધર્મ એટલો વ્યાપ્ત થઈ જાય પછી ધર્મની જય માત્ર નારો છે,આમ કરવું જોઈએ એટલું કહીને રહી જાય એ કાયરતા છે.સૌંદર્ય ધર્મક્ષેત્ર છે અને અહંકાર મુકત સરળતા,સહજતા પણ ધર્મક્ષેત્ર છે.અધર્મના ઘણા-સો જેટલા ક્ષેત્ર છે,પણ ધર્મક્ષેત્ર પાંચ જ છે. પંચવટી આપણું શરીર છે જ્યાં જ્ઞાન,ભક્તિ,જીવ અને ઈશ્વરનો ભેદ,માયા,વૈરાગ્યની સંવાદી ચર્ચાઓ થઈ છે.પંચવટીમાં બેનો સંગમ છે એક-સરિતા ગોદાવરી અને બીજું સવિતા-સૂર્ય.દરેક નદી ગોદાવરી છે.જે પોતાની ગોદમાં ધારણ કરે છે એ ગોદાવરી છે. સરિતા પણ ગોદાવરી છે,સવિતા પણ ગોદાવરી છે. રામચરિત માનસને પણ નદીની ઉપમા મળી છે એ પવિત્ર પ્રવાહની ધારા છે.ગોદાવરીના તટ ઉપર કોઈ બુધ્ધપુરુષ મળી જાય તો પાંચ પ્રશ્ન પૂછવા જોઈએ. પંચવટીમાં પાંચ ઘટના ઘટી છે:લક્ષ્મણને ઉપદેશ, સુર્પણખાણે દંડ,ખર-દૂષણને મરણ,સીતાનું અપહરણ અને જટાયુને પરમગતિ.આપણા જીવનની પંચવટીની કદર કરો.શરીર રૂપી પંચવટીમાં પાંચ પ્રશ્નો પૂછ્યા:જ્ઞાન શું છે? વૈરાગ્ય શું છે?માયા શું છે?ઈશ્વર અને જીવ વચ્ચેનો ભેદ શું છે?અને ભક્તિ શું છે?બિંદુજી મહારાજે કહેલું કે પંચવટીના પાંચમા દિવસે આ પાંચ-પાંચ પ્રશ્નોની વાતોનો પ્રસંગ બનેલો. પંચવટીનો અર્થ કોઈ એમ કહે છે કે પાંચ વડના વૃક્ષો હતાં.એમ નથી.અહીં પાંચ પ્રકારના વૃક્ષો હતા: આમળા-ધાત્રી,પીપલ,બીલી,વટવૃક્ષ અને અશોકનુંવૃક્ષ.આ પાંચ વૃક્ષના સમૂહને ગ્રંથોએ પંચવટી કહ્યું છે.પાંચ વીટપનો સમૂહ એ જ પંચવટી છે.ગીતાજીમાં જ્ઞાનની,વૈરાગ્યની ચર્ચા,માયાનું નિરૂપણ,ભક્તિની ચર્ચા વિસ્તારથી થયેલી છે રામચરિત માનસમાં એ સંક્ષિપ્તમાં છે.પીપલ એટલે માયા.સંસારની માયાની છાયામાંથી ઈશ્વર જુએ છે. બે પ્રસંગ છે સુતીક્ષ્ણ અને વાલી આ બંનેને ભગવાન પીપલ-માયાની છાયામાંથી જોઈ રહ્યા છે.આથી જ માયા શું છે એવો પ્રશ્ન પૂછ્યો છે.બીલીપત્ર વૈરાગ્યનું પ્રતિક છે.બીલીપત્ર શંકરના ત્યાગની ઉપર પણ ચડી જાય છે.લક્ષ્મણ પૂછે છે વૈરાગ્ય શું છે?વટવૃક્ષ જ્ઞાનનું વૃક્ષ છે.આમળા ઈશ્વર જીવના ભેદનો સંકેત છે અને અશોકવૃક્ષ ભક્તિનો સંકેત છે.પાંચ પ્રશ્નોની ભૂમિકા છે અહીં ચોપાઈ છે:

★હે પ્રભુ પરમ મનોહર ઠાંઉ;
★પાવન પંચબટી તેહિ નાઉ.
★દંડક બન પુનિત પ્રભુ કરહું;
★ઉગ્ર સાપ મુનિબ કર કરહું.
★બાસ કરહું તંહ રઘુકૂલ રાયા;
★કીજૈ સકલ મુનિન્હ પર દાયા.

રામચરિત માનસમાં ત્રણ વખત સુખઆસિન શબ્દ આવ્યો છે.અહીં પ્રશ્ન પૂછવાની ભૂમિકાની કથા બાદ કથા પ્રવાહમાં શિવચરિત્ર બાદ રામજન્મનાં કારણો અને રામજન્મની સમગ્ર વિશ્વને મધુર વધાઈ સાથે આજની કથાને વિરામ અપાયો.

# કલાકારો તેમના સહ- કલાકારો પાસેથી અપનાવેલી આદતો વિશે વાત કરે છે

કલાકારો દ્વારા કુશળતા અને પ્રતિભા ઉપરાંત તેમના સહ-કલાકારોની આદતો રોજના નિત્યક્રમમાં અપનાવવામાં આવે છે તેનાથી ખાસ્સો ફરક પડે છે. એન્ડટીવીના કલાકારો તેમના સહ- કલાકારો પાસેથી અપનાવેલી આદતો અને રોજના જીવન પર વધારાનો પ્રભાવ પાડવા તેનો કઈ રીતે ઉપયોગ કરે છે તે વિશે વાત કરે છે. આમાં આયુધ ભાનુશાલી (કૃષ્ણ, દૂસરી મા), સપના સિકરવાર (બિમલેશ, હપ્પુ કી ઉલટન પલટન) અને વિદિશા શ્રીવાસ્તવ (અનિતા ભાભી, ભાભીજી ઘર પર હૈ)નો સમાવેશ થાય છે.



એન્ડટીવી પર દૂસરી મામાં કૃષ્ણની ભૂમિકા ભજવતો આયુધ ભાનુશાલી કહે છે, ''જયપુરમાં દૂસરી માના સેટ પર અમે બધાએ બહુ મજા કરીએ છીએ અને એકબીજા પાસેથી ઘણું બધું શીખવા મળે છે.

જોકે બધા સહ-કલાકારોમાંથી મને લાગે છે કે નેહા દીદી (યશોદા) સૌથી પરફેક્શનિસ્ટ છે અને ચોખ્ખાઈનો આગ્રહ રાખે છે. તે તેના બારીકાઈભર્યા ધ્યાન માટે અમારા જૂથમાં જાણીતી છે અને તે જ્યાં કોઈ અસ્તિત્વ નથી ત્યાં પેટર્ન્સ ઓળખી શકે છે. નેહાની આધતો મને મોહિતકરે છે. તે એટલી કેન્દ્રિત છે કે તેનો બ્રશ સહેજ ખસેડવામાં આવે તો પણ તે તેને ઓળખી શકે છે. તે પોતાની ભૂલો ક્યારેય છુપાવતી નથી, પરંતુ તુરંત તેને સુધારે છે. અને તેની આ સૌથી સારી આદત છે, જે બધાએ તેમના જીવનમાં અપનાવવી જોઈએ. તેની પાસે જોઈને મેં મારી બધી ચીજોને સંગઠિત રાખવાનું શરૂ કર્યું છે અને મારો વિશ્વાસ કરો, તેનાથી તમારી અડધી સમસ્યાઓ ઉકેલાઈ જશે. મારી તે ચીજો શોધવામાં સમય વેડફવો પડતો નથી અને હું અન્ય નક્કર ચીજો માટે મારી ઊર્જાનો ઉપયોગ કરી શકું છું. તેનું વ્યક્તિત્વ ચમકે છે તે રીતે તેની આદતો પણ ચમકે છે.''

# કુશાગ્ર નૌટિયાલ કુમકુમ ભાગ્યમાં મહિલાનો વેશ શા માટે ધારણ કર્યો આ રહ્યું કારણ...

(એજન્સી દ્વારા)



કુમકુમ ભાગ્યએ, તેના સંબંધિત પાત્રો જેવા કે, રણબિર (ક્રિષ્ના કૌલ), પ્રાચી (મુગ્ધા ચાપેકર), રિયા (ટીના ફિલિપ), શહાના (અપર્ણા મિશ્રા) અને આલિયા (રેયહના પંડિત)ના અધિકૃત નિરૂપણ અને રસપ્રદ વાર્તાથી દર્શકોમાં ચહિતો બન્યો છે. વિવિધ વણાંકોએ દર્શકોને જકડી રાખ્યા છે, ત્યારે શોમાં તાજેતરમાં દર્શકોએ જોયું કે, પ્રાચીએ સિદ્ધાર્થને જણાવ્યું કે, તેની બહેનનું અપહરણ રિયા અને આલિયા દ્વારા કરવામાં આવ્યું હતું અને તે રણબિરની સામે આ બાબત લાવવા ઈચ્છે છે. આગામી એપિસોડમાં દર્શકો જોશે કે, કઈ રીતે રણબિર રિયાનું અપહરણ કરેલા ગૂંડાઓથી બચીને કોહલી મેન્શનમાં પાછો આવે છે. ત્યારે પ્રાચી પણ બસંતીનો વેશ ધારણ કરીને રણબિરની સાથે બહાર ગઈ છે અને સંગીત વિધીમાં હાજર નથી, દાદી (સમિતા શેટ્ટી) ત્યારે તેને પલ્લવી (ખ્યાતિ કેસવાની)થી બચાવવાનું નક્કી કરે છે અને સિદ્ધાર્થ (કુશાગ્ર નોટિયાલ)ને પ્રાચીની જેમ એક સાડીમાં તૈયાર થઈને 'ઘુંઘટ'માં બહાર આવી તેની સાથે સંગીતમાં જોડાવા કહે છે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

### સમગ્ર ગુજરાતમાં ૧૦૦૦ સ્ટોર્સ સુપ્રીમ સુપર ફૂડ્સ થશે ઉપલબ્ધ

# સુપ્રીમ ફાર્માસ્યુટિકલ્સ મૈસુર પ્રા. લિ.એ આજે અમદાવાદમાં સુપ્રીમ સુપર ફૂડ્સ બ્રાન્ડ લોન્ચની જાહેરાત કરી



(એજન્સી દ્વારા) અમદાવાદ, ૨૩
સમગ્ર ભારતમાં એક મહત્વાકાંક્ષી વિસ્તરણ યોજનાના ભાગરૂપે સુપ્રીમ ફાર્માસ્યુટિકલ્સ મૈસુર પ્રા. લિ.એ આજે અમદાવાદમાં સુપ્રીમ સુપરફૂડ્સ હેલ્ધી સુપરફૂડ્સ બ્રાન્ડ લોન્ચની જાહેરાત કરી છે. સુપ્રીમ સુપરફૂડ્સના ચીફ બિઝનેસ ઓફિસર શ્રી વાયબી વિજય કુમાર અને બ્રાન્ડ માર્કેટિંગના હેડ શ્રી હારૂન બદુશાની ઉપસ્થિતિમાં અમદાવાદની બ્રાન્ડે ધી સિનેરિયા હોટેલ ખાતે નોર્માલાઈફ અને નોર્માહેલ્થ અંતર્ગત ૩૦ થી વધુ પ્રોડક્ટને લોન્ચ કરવામાં આવી હતી. અમદાવાદમાં તમામ અગ્રણી રિટેલ આઉટલેટ્સ, એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ અને સુપ્રિમ સુપર ફૂડ નેબરહુડ સ્ટોર્સમાં ઉપલબ્ધ હશે, જે હ્લસ્ઝ્રય,ફાર્મા, હોરેકા, સંસ્થાઓ અને ઈ-કોમર્સને બે પ્રોડક્ટ વર્ટિકલ્સ, નોર્માલાઈફ અને નોર્માહેલ્થ સાથે સેવા આપે છે. સુપ્રીમ સુપર ફૂડ્સ ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં તેની પ્રોડક્ટ રેન્જને ૧૦૦થી વધુ સુધી વિસ્તારવાનું લક્ષ્ય ધરાવે છે. નવેમ્બર ૨૦૨૧માં બેંગલુરુમાં લોન્ચ કરવામાં આવી ત્યારથી આ બ્રાન્ડે જબરદસ્ત વૃદ્ધિ જોઈ છે. જે પસંદગીના હ્લસ્ટોર્સ, નેશનલ મોર્ડન ટ્રેડ આઉટલેટ્સ, રિજનલ મોડર્ન ટ્રેડ આઉટલેટ્સ, ફાર્મા મોડર્ન ટ્રેડ આઉટલેટ્સ અને ઈ-કોમર્સમાં તેની અગ્રણી હાજરી પરથી સ્પષ્ટ થાય છે.

લોન્ચ પ્રસંગે શ્રી વાયબી વિજય કુમારે કહ્યું કે, સુપ્રીમ સુપરફૂડ્સે ન્યુટ્રાસ્યુટિકલ્સ મ્૨મ્ ઉદ્યોગમાં ૩૫ વર્ષ સેવા આપ્યા બાદ હવે અમે ગ્રાહકોને વધુ સુપ્રીમ સુપરફૂડ્સ આપવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. સુપ્રિમ ફાર્મા ગ્રાહકોને સુપરફૂડ્સ હેલ્ધી સુપરફૂડ્સ આપવા માટે સુપરફૂડ માર્કેટમાં પ્રવેશ કરી રહી છે. કંપનીએ ખાદ્ય વિજ્ઞાનમાં અનેક વ્યાપક સંશોધન કર્યા છે. આ પ્રક્રિયામાં તેનો ઉદ્દેશ્ય એવા સમુદાયનું નિર્માણ કરવાનો છે જે આરોગ્ય અને સુખ સાથે શારીરિક અને માનસિક સુખાકારીમાં પરિવર્તન લાવવામાં મદદ કરી શકે. અમે આગામી વર્ષ સુધીમાં ગુજરાત રાજ્યના ૧૦૦૦ થી વધુ સ્ટોર્સમાં જનરલ ટ્રેડ ઓલ એફએમસીજી મોર્ડન ટ્રેડ અને તમામ ફાર્મા મોડર્ન ટ્રેડ આઉટલેટ્સમાં હાજર રહેવાની આશા રાખીએ છીએ. અમે જયપુર, કોલકાતા અને હૈદરાબાદમાં પણ પ્રવેશવાની ઈચ્છા રાખીએ છીએ, જ્યાં લોન્ચની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અમારી પાસે માર્ચ ૨૦૨૩ પહેલા અમદાવાદમાં ૩ લાખ ઘરોના સેમ્પલ લેવાનું આયોજન છે.

અમે ડિસેમ્બર ૨૦૨૨ પહેલા તમામ ૪ મેટ્રો સિટીઝ અને ૪ મિની મેટ્રો સિટીમાં અમારી બ્રાન્ડ લૉન્ચ કરીશું.

# એથર એનર્જી હોસુરમાં તેની બીજી ઉત્પાદન સુવિધાનું ઉદ્‌ઘાટન કરે છે; ગુણવત્તા અને વિશ્વસનીયતા પ્રત્યે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે

(એજન્સી દ્વારા) બેંગ્લોર, ૨૩
ભારતની અગ્રણી ઈવ સ્કૂટર બ્રાન્ડ એથર એનર્જીએ આજે તમિલનાડુના હોસુરમાં તેની બીજી ઉત્પાદન સુવિધાનું ઉદ્‌ઘાટન કર્યું.

૩૦૦,૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલી આ સુવિધા બ્રાન્ડને તેની ઉત્પાદન ક્ષમતાને વાર્ષિક ૪૨૦,૦૦૦ એકમો સુધી વિસ્તરણ કરવામાં મદદ કરશે, જે કંપનીને તેના ફ્લેગશિપ સ્કૂટર્સ - **Ather 450X** અને **450 Plus**ની વધતી જતી માંગને પૂર્ણ કરવામાં વધુ સક્ષમ બનાવશે.

નવા પ્લાન્ટના કમિશનિંગ પર બોલતા, સ્વપ્રિલ જૈન, સહ-સ્થાપક અને **CTO, Ather Energy** એ જણાવ્યું હતું કે, "ઝડપી સ્કેલ અપ ગુણવત્તાના મુદ્દાઓ માટે સંવેદનશીલ છે અને અમારા ગ્રાહકોને સલામત અને વિશ્વસનીય ઉત્પાદનો પહોંચાડવા એ અમારી સૌથી મોટી પ્રાથમિકતા છે. પ્રક્રિયાઓ અને મશીનો પર ઊંડા રોકાણ અને નવીનતા સાથે, આ પ્લાન્ટ અમને ગુણવત્તાયુક્ત વાહનોની ડિલિવરીમાં અમારા નેતૃત્વને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે."

**Ather** ની નવી ઉત્પાદન સુવિધા ૩૦૦,૦૦૦ જૂ.કં માં ફેલાયેલી છે અને તેમાં બે એકમો છે - એક બેટરી ઉત્પાદન માટે અને બીજું વાહન એસેમ્બલી માટે સમર્પિત છે.બેટરી યુનિટમાં પાંચ એસેમ્બલી લાઈનો હશે અને વાહન એસેમ્બલીમાં બે એસેમ્બલી લાઈનો હશે. તેના સ્કૂટર્સની વધતી જતી માંગને પહોંચી વળવા માટે સમગ્ર સુવિધામાં ૪૨૦,૦૦૦ યુનિટની સ્થાપિત ક્ષમતા હશે.

સંપૂર્ણપણે અત્યાધુનિક, આધુનિક સુવિધા સરકારના 'આત્મનિર્ભર ભારત'ને અનુરૂપ છે અને દેશમાં સ્થાનિક ઉત્પાદનને વધુ વેગ આપશે.મજબૂત સ્થાનિક ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી છે, એથર એનર્જી માટે મોટા ભાગના સપ્લાયર બેઝ તમિલનાડુ અને પડોશી કર્ણાટકમાં છે, જે હોસુરને ફેક્ટરી માટે એક આદર્શ સ્થાન બનાવે છે.

## કાર્ટૂન કોર્નર




# રતનપુર નજીક પ્રીમિયમ રિસોર્ટ સાથે સર્વત્ર ગ્રુપે હોસ્પિટાલિટી બિઝનેસમાં પ્રવેશ કર્યો

(એજન્સી દ્વારા) અમદાવાદ:
અમદાવાદ સ્થિત અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર સર્વત્ર ગ્રૂપ જે જીવન જીવવાની રીતને પુનઃવ્યાખ્યાયિત કરવા માટે પ્રતિબદ્ધ છે. કંપનીએ ગુજરાત-રાજસ્થાન બોર્ડર રતનપુર નજીક પ્રીમિયમ રિસોર્ટ સાથે હોસ્પિટાલિટી બિઝનેસમાં પ્રવેશ કર્યો છે.

સર્વત્ર ગ્રૂપે વેલકમ હેરિટેજ સાથે જોડાણ કર્યું છે જે આઈટીસી લિમિટેડ અને જોધાના હેરિટેજ વચ્ચે વર્ષ ૧૯૯૭માં સ્થપાયેલું સંયુક્ત સાહસ છે .વેલકમ હેરિટેજ મહેલો, કિલ્લા હવેલીઓ અને રિસોર્ટ્સના અનન્ય પોર્ટફોલિયો સાથે ભારતમાં હેરિટેજ હોસ્પિટાલિટી અને પર્યટનની શ્રેષ્ઠ પરંપરાઓનું પ્રતિનિધિત્વ કરે છે. તેમજ હેરિટેજ આતિથ્યની શ્રેષ્ઠ પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે.

"અમે ઝડપથી વિકસતા હોસ્પિટાલિટી બિઝનેસમાં અમારા પ્રવેશ અંગે ઉત્સાહિત છીએ. આ રિસોર્ટ શ્રેષ્ઠ સુવિધાઓ અને વાતાવરણથી સજ્જ વૈભવી રિસોર્ટ હશે અને મહેમાનો માટે શ્રેષ્ઠ-ઈન-ક્લાસ અધિકૃત અનુભવ પ્રદાન કરશે. આ રિસોર્ટ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે.

સર્વત્ર ગ્રુપની સ્થાપના વર્ષ ૨૦૧૨માં મિત્રોમાંથી ભાગીદાર બનેલા ધવલ સોલંકી, ધવલ પટેલ અને બ્રિજેશ પટેલ દ્વારા રિયલ એસ્ટેટમાં મૂલ્ય ઉમેરવાના મિશન સાથે કરવામાં આવી હતી. માત્ર એક દાયકામાંતેણે અનન્ય અને નવીન પ્રોજેક્ટ્સ દ્વારા ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પોતાના માટે એક અનોખી જગ્યા બનાવી છે.

"પ્રીમિયમ રિસોર્ટ સાથે હોસ્પિટાલિટી સેગમેન્ટમાં પ્રવેશ એ ગ્રુપની યાત્રામાં એક નવા વૃદ્ધિ પ્રકરણને ચિહ્નિત કરે છે. તે રિસોર્ટ્સ હોય, વીકએન્ડ હોમ્સ અને વિલા પ્રોજેક્ટ્સ હોય કે પછી એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટ હોય.અમે નવા બેન્ચમાર્ક સેટ કરવા માટે પ્રતિબદ્ધ છીએ તેમ સર્વત્ર ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર ધવલ પટેલે જણાવ્યું હતું.

# એચએચવી એનર્જીએ તુતીકોરીન ખાતે તેની એલપીજી ટર્મિનલ ક્ષમતા ૩૦,૦૦૦ મેટ્રિક ટન વધારી




(એજન્સી દ્વારા) તુતીકોરીન, ભારત:
એસએચવી એનર્જીએ ભારતમાં તુતીકોરીનમાં તેની ક્રાયોજેનિક એલપીજી સ્ટોરેજ ટર્મિનલ એકમનું વિસ્તરણ કર્યું છે. આ વિસ્તરણ મુખ્યત્વે એસએચવી એનર્જીની ભારતીય પેટાકંપની સુપરગેસ મારફત ભારતીય બજારમાં એલપીજી સપ્લાય સુનિશ્ચિત કરે છે. એસએચવી એનર્જીનું સિંગાપોર સ્થિત ટ્રેડિંગ યુનિટ એસએન્ડઆરએમ (સપ્લાય એન્ડ રીસર્ચ મેનેજમેન્ટ) થર્ડ પાર્ટીઓને તુતીકોરીન ટર્મિનલ દ્વારા પણ પૂરવઠો પૂરો પાડશે. પોર્ટ ખાતે સ્થિત એકમે આશરે રૂા. ૫૦૦ કરોડના રોકાણ સાથે એલપીજી ટર્મિનલ ક્ષમતા ૮,૫૦૦ મેટ્રિક ટનથી વધારીને ૩૮,૫૦૦ મેટ્રિક ટન કરશે. આ ટર્મિનલ વિસ્તરણનું ઉદઘાટન એસએચવી એનર્જીના સીઈઓ શ્રી બ્રામ ગ્રાબર અને સુપરગેસના સીઈઓ સાંતનુ ગુહાની ઉપસ્થિતિમાં થયું હતું. વર્લ્ડ એલપીજી એસોસિએશન (ડબલ્યુએલપીજીએ) બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્ય શ્રી બ્રામ ગ્રાબર નવી દિલ્હી ખાતે આ સપ્તાહે યોજાયેલી વર્લ્ડ એલપીજી વીક ૨૦૨૨માં ઉપસ્થિત રહ્યાં હતા.

# સ્ટડી ગ્રુપની નોર્થ અમેરિકન પાર્ટનર યુનિવર્સિટીઓ રાજ્યોમાં ટોચના ૧૦%માં ઉભરી આવે છે

**યુએસમાં ભારતીય વિદ્યાર્થીઓ માટે અગ્રણી ભાગીદાર યુનિવર્સિટીઓમાં જેમ્સ મેડિસન યુનિવર્સિટી, બેલોર યુનિવર્સિટી, ડીપૌલ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે**

(એજન્સી દ્વારા) ૩મી નવેમ્બર
સ્ટડી ગ્રુપ, વિદ્યાર્થીઓ માટે ભારતનું અગ્રણી વૈશ્વિક શિક્ષણ પ્રદાતા, રાજ્યોમાં અભ્યાસ કરવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓ માટે ફ્લેગબેરર તરીકે ઉભરી આવ્યું છે. હવે, વિદ્યાર્થીઓ અને હિતધારકો માટે આનંદ કરવાનું વધુ કારણ છે, કારણ કે કંપનીની નોર્થ અમેરિકન પાર્ટનર યુનિવર્સિટીઓ ૪,૫૦૦ અમેરિકન યુનિવર્સિટીઓ વચ્ચે ટોચના ૧૦%માં ઉભરી આવી છે.

જેમ્સ મેડિસન યુનિવર્સિટી, સ્ટડી ગ્રૂપની સૌથી લાંબા સમયથી યુ.એસ. પાર્ટનર, હવે ટોચની રાષ્ટ્રીય યુનિવર્સિટી છે, જે અગાઉ દક્ષિણ યુ.એસ.માં પ્રાદેશિક યુનિવર્સિટી તરીકે નિયુક્ત કરવામાં આવી હતી, હવે તે યુ.એસ.માં ઈ ૧૫૧ રાષ્ટ્રીય યુનિવર્સિટી તરીકે ક્રમાંકિત છે, જે એમ યુ યુ.એસ.ની તમામ યુનિવર્સિટીઓમાં. ટોચના ૩.૩%માં છે વિદ્યાર્થીઓ જે એમ યુ ખાતે તેમના પ્રોફેસરો સાથે ખૂબ જ વ્યસ્ત છે, જેમ કે યુનિવર્સિટી માટે ઈ ૪૧ અંડરગ્રેજ્યુએટ ટીચિંગ રેંકિંગ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. યુ.એસ. સમાચાર અને વિશ્વ અહેવાલ અન્ય ક્ષેત્રોમાં પણ જે એમ યુને હાઈલાઈટ કરે છેઃ ઈ ૭૨ ટોચની જાહેર શાળાઓ (તમામ ૨૭૭ રાષ્ટ્રીય જાહેર યુનિવર્સિટીઓમાં ટોચની ૩૨%); ઈ ૧૮ શ્રેષ્ઠ ઈજનેરી કાર્યક્રમ (નોન-ડોક્ટરેટ ઓફર કરતી શાળાઓ); અને ઈ૧૦૮ શ્રેષ્ઠ અંડરગ્રેજ્યુએટ બિઝનેસ પ્રોગ્રામ.

યુ.એસ. ન્યૂઝ એન્ડ વર્લ્ડ રિપોર્ટ દ્વારા બેલોર યુનિવર્સિટીને રાષ્ટ્રમાં ઈ ૭૭ સ્થાન આપવામાં આવ્યું છે, જે આ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીને તમામ યુ.એસ.ની સંસ્થાઓમાં ટોચના ૧.૭%માં સ્થાન આપે છે. બેલોરને વિદ્યાર્થીની સફળતા પર ધ્યાન કેન્દ્રિત કરવા બદલ ઉચ્ચ રેંકિંગ પ્રાપ્ત થયું, પ્રથમ વર્ષના શ્રેષ્ઠ વિદ્યાર્થી અનુભવ માટે રાષ્ટ્રમાં ઈ ૧૦ તેમજ શ્રેષ્ઠ અંડરગ્રેજ્યુએટ શિક્ષણ માટે ઈ ૧૬, મોટાભાગની નવીન શાળાઓ માટે ઈ ૨૦, અને અંડરગ્રેજ્યુએટ સંશોધન માટે ઈ ૨૧ સર્જનાત્મક પ્રોજેક્ટ્સ છે. યુનિવર્સિટીને વિષય-વિશિષ્ટ કાર્યક્રમો માટે પણ ઉચ્ચ ક્રમાંક આપવામાં આવ્યો છેઃ ઈ૬૪ અંડરગ્રેજ્યુએટ બિઝનેસ પ્રોગ્રામ્સ, જેમાં ઈ ૮ આંત્રપ્રેન્યોરશિપ અને ઈ ૪૪ એકાઉન્ટિંગમાં રેંકિંગ છે, ઈ૧૦૪ અંડરગ્રેજ્યુએટ એન્જિનિયરિંગ પ્રોગ્રામ્સ (ડોક્ટરેટ-ઓફરિંગ સ્કૂલ), અને ઈ ૧૪૧ અંડરગ્રેજ્યુએટ સાયન્સ કાર્યક્રમ છે.

ડીપૌલ યુનિવર્સિટીને ઈ ૧૩૭ ટોચની રાષ્ટ્રીય યુનિવર્સિટી તરીકે ક્રમાંકિત કરવામાં આવે છે, જે આ ઉચ્ચતમ ઓળખી શકાય તેવી યુનિવર્સિટીને તમામ યુએસ સંસ્થાઓમાં ટોચની ૩% યાદી આપે છે, જેનું શ્રેષ્ઠ મૂલ્ય ક્રમાંક ઈ૬૫ છે. ઉપરાંત, પૌલ ના અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ રાષ્ટ્રમાં ટોચના છેઃ વ્યવસાય માટે ઈ૮૬ અને કમ્પ્યુટર વિજ્ઞાન માટે ઈ૧૭૨ છે.

# સીપીએચઆઈ અને પી-મેક ઈન્ડિયા' ફાર્મા એક્સ્પો ૨૯મી નવેમ્બરથી દિલ્હી-એનસીઆર ખાતે

(એજન્સી દ્વારા) નઈ દિલ્હી, ૨૩
દક્ષિણ એશિયાની સૌથી મોટી ફાર્મા ઈવેન્ટ - સીપીએચઆઈ અને પી-મેક ઈન્ડિયા એક્સ્પોની ૧૫મી આવૃત્તિ સાથે ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન્ડિયા ફરી એકવાર વિકસિત હાઈબ્રિડ ફોર્મેટમાં પાછું આવ્યું છે, જે ૨૯ નવેમ્બરથી ૧ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ઈન્ડિયા એક્સ્પો સેન્ટર, ગ્રેટર નોઈડા, દિલ્હી-એનસીઆર ખાતેયોજાશે. આધુનિકીકરણને અપનાવીને, સીપીએચઆઈ અને પી-મેક ઈન્ડિયા ભારતની ફાર્મા મશીનરી, ટેક્નોલોજી અને સામગ્રી ઉદ્યોગોમાંપ્રગતિને સરળ બનાવવા માટે નિર્ણાયક આધુનિક તકનીકો પ્રદર્શિત કરવા માટે એક પ્લેટફોર્મ બનાવે છે. ભારતીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ ૧૨% સીએજીઆર પર વૃદ્ધિ પામશે અને ૨૦૩૦ સુધીમાં ઈ૧૩૦ બિલિયન (રૂ. ૧૦.૫ લાખ કરોડ) સુધી પહોંચશે. આ શો ઈન્ડિયા ફાર્મા વીકનો એક ભાગ હશે, જે ફાર્મા સમુદાયના પ્રતિભાગીઓની જરૂરિયાતોને પૂરી કરતી મુખ્ય ઉજવણી છે.

# ખેડૂતો અને ખેતીની સમૃદ્ધિ સાથે લોકોના સ્વાસ્થ્યના રક્ષણ માટે પ્રાકૃતિક કૃષિ આવશ્યક – રાજ્યપાલશ્રી

(પ્રતિનિધિ દ્વારા)
ગુજરાત રાજ્યપાલશ્રીએ હાલોલ સ્થિત ગુજરાત પ્રાકૃતિક અને સેંદ્રિય કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજીત "પ્રાકૃતિક કૃષિ પ્રશિક્ષક શોધ" વિષયક બે દિવસીય કાર્યશાળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતોને સંબોધતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી મુક્તિ મેળવી, ખેડૂતો અને ખેતીની સમૃદ્ધિ સાથે લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે પ્રાકૃતિક કૃષિ આવશ્યક છે.



રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતુ કે પ્રાકૃતિક કૃષિને ખેતરે-ખેતરે પહોંચાડવા ખેડૂતોને માર્ગદર્શન આપવું જરૂરી છે. આ માટે પ્રાકૃતિક કૃષિજ્ઞાનની સમજ ધરાવતા અને પોતાના ખેતરમાં પ્રાકૃતિક કૃષિનો સફળ પ્રયોગ કરનારા પ્રગતિશીલ ખેડૂતોએ યોગ્ય તાલીમ દ્વારા સજ્જ થઈને અન્ય ખેડૂતોને માર્ગદર્શન આપવું પડશે, એટલું જ નહીં ખેડૂતો સાથે ખેતર ઉપર જઈ પ્રક્ટિકલ જ્ઞાન પણ આપવું પડશે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આ કાર્યશાળામાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતો માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર થાય અને પ્રાકૃતિક કૃષિના જનઅભિયાનમાં સામેલ થવા વધુ ને વધુ ખેડૂતોને પ્રેરિત કરે તે જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના પ્રગતિશીલ ખેડૂતોએ તેમના ખેતરમાં જે સફળ પ્રયોગ કર્યા છે તેનાથી અન્ય ખેડૂતો પ્રેરણા લેશે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિની સમજ સાથે બીજામૃત, જીવામૃત-ઘનજીવામૃત, આચ્છાદન, વાપ્સા તેમજ મિશ્રપાકના સિદ્ધાંતોની ખેડૂતોને તેમના ખેતર ઉપર જ પ્રેક્ટિકલ તાલીમ અને સમજ આપવા પર પણ ભાર મૂક્યો હતો. આ માટે આસપાસના ચાર-પાંચ ગામના ખેડૂતોની ત્રણથી પાંચ દિવસની તાલીમ શિબિર યોજી પ્રાકૃતિક કૃષિ વિશે માર્ગદર્શન આપવા અનુરોધ કરી જણાવ્યું હતુ કે, તાલીમ આપનારા પ્રશિક્ષકો જો પ્રાકૃતિક કૃષિના મૂળભૂત ઉદ્દેશથી પૂરેપૂરા માહિતગાર હશે તો જ અન્ય ખેડૂતોને તાલીમ આપી શકશે.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને કુદરતે નિર્માણ કરેલી સૃષ્ટિને જાળવવાનું ઈશ્વરીય કાર્ય ગણાવી ઉમેર્યુ હતું કે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રત્યેક ગામમાંથી ૭૫ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાના સંકલ્પની સિદ્ધિ માટે સૌએ પુરૂષાર્થ કરવાનો છે. જળ-જમીન અને પર્યાવરણની સુરક્ષા, દેશી ગાયના જતન-સંવર્ધન ઉપરાંત ખેડૂતો અને ખેતીની સમૃદ્ધિ તેમજ લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે પ્રાકૃતિક કૃષિને જ રાજ્યપાલશ્રીએ મજબૂત વિકલ્પ ગણાવ્યો હતો.

આ કાર્યશાળાની શરૂઆતમાં ગુજરાત પ્રાકૃતિક અને સેંદ્રિય કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી.કે. ટીંબડીયાએ કાર્યાશાળા દરમિયાન પ્રગતિશીલ ખેડૂતોમાંથી પ્રશિક્ષકોની પસંદગી કરવા અંગેની માહિતી આપી હતી. આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટી – હિસારના કૃષિ વૈજ્ઞાનિક ડૉ. બલજીત સહારન, ઉજ્જૈનના કૃષિ તજજ્ઞ ડૉ. યોગેંદ્ર કૌશિક, કૃષિ વૈજ્ઞાનિકો ડૉ. કે.જી. મહેતા અને ડૉ. સાવલિયા સહિત કૃષિ તજજ્ઞોએ ઉપસ્થિત રહીને પ્રશિક્ષકોની પસંદગી માટે સહયોગ આપ્યો હતો. આ કાર્યશાળામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિશ્રી જે.જે. વોરા, આત્મા પરિયોજનાના રાજ્યના નોડલ ઓફીસરશ્રી એચ. કે. વઢવાણિયા તેમજ મહાત્મા પ્રફુલભાઈ સેંજલિયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળા દરમિયાન પ્રગતિશીલ ખેડૂતોએ સ્વાનુભવો પ્રસ્તુત કરી પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી થયેલ ફાયદા અંગે માહિતી આપી હતી.

# હોમ ક્રેડિટ ઈન્ડિયાએ ભૃગુ સેહગલની ચીફ સેલ્સ ઓફિસર તરીકે નિયુક્તી કરીને નેતૃત્વ મજબૂત કર્યુ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી, ૨૩:
આજે ફિજીટલ બિઝનેસ મોડલ વધુ પ્રાસંગિક બની રહ્યું છે ત્યારે ઈન્ટરનેશનલ કન્ઝ્યુમર ફાઈનાન્સ પ્રોવાઈડર કંપનીની સ્થાનિક પાંખ હોમ ક્રેડિટ ઈન્ડિયાએ વિકસતા રિટેલ બિઝનેસ ઈકોસિસ્ટમને વધુ મજબૂત કરવાના તેના પ્રયાસોના ભાગ રૂપે એક યુવાન અને ગતિશીલ નેતા શ્રી ભૃગુ સેહગલની ચીફ સેલ્સ ઓફિસર તરીકે નિમણૂંક કરી છે. ભૃગુ કોટક મહિન્દ્રા બેંક અને યસ બેંક જેવી બ્રાન્ડ્સ સાથે બેંકિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસ સેક્ટરમાં ૧૬ વર્ષથી વધુનો બહોળો અનુભવ ધરાવે છે. તેમના અનુભવમાં ન્યૂ-એજ ઈન્ટરનેટ કંપનીઓ - **Magicbricks.com** અને **Quikr.com** સાથેના કાર્યકાળનો પણ સમાવેશ થાય છે. હોમ ક્રેડિટ ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ઓન્દ્રેજ કુબિકે ભૃગુનું ઉષ્માભર્યું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, "મને હોમ ક્રેડિટ ઈન્ડિયામાં ભૃગુ



જેવા યુવા અને ગતિશીલ નેતાનું સ્વાગત કરતા આનંદ થાય છે. ગ્રાહકો અને તેમની જરૂરિયાતો સાથે ઓમ્નિચેનલ કનેક્શન મેળવવા માટે અમે વિકસતી ઑફલાઈન-ટુ-ઑનલાઈન ઈકોનોમીમાં આપણા ફિજિટલ મોડલને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, ત્યારે ભૃગુનો ફાઈનાન્સિયલ સર્વિસિસ અને કન્ઝ્યુમર ઈન્ટરનેટ કંપનીઓ સાથેનો સમૃદ્ધ અનુભવ મહત્ત્વની ભૂમિકા ભજવશે. જે તેમની પસંદગીને સર્વશ્રેષ્ઠ ઠેરવશે. મને વિશ્વાસ છે કે ભૃગુ અગ્રણી કન્ઝ્યુમર ફાઈનાન્સ કંપનીઓમાંની એક તરીકેની અમારી સફરના આગલા તબક્કાને ખોલશે કરશે અને ભાવિ વૃદ્ધિ માટે મજબૂત પાયો સ્થાપશે."

**પશ્ચિમ રેલવે**

**રોડ ઓવર બ્રિજનું બાંધકામ**

ડે.મુખ્ય ઈજનેર (બાંધકામ) **III,** પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -૩૯૦ ૦૦૪, નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છેઃ (૧) ઈ-ટેન્ડર નંબરઃ **Dy.CE/C/III/BRC/CTD-DHAR /118; (II)** કામનું નામઃ જોબટથી ટાંડા રોડ વચ્ચે ૭૩.૭૫૪ કિમી.અને ૯૦.૪૨કિમી. પર ૦૨ નંગ રોડ ઓવર બ્રિજનું બાંધકામ અને **CTD-DHAR New BG** ના સંબંધમાં અભિગમ અને રોડ ડાયવર્ઝન વગેરે અને અન્ય વિવિધ કામો સહિત રેખા; **(iii)** અંદાજિત ખર્ચ કાર્યઃ ૧૯૭૫.૦૩ લાખ; **(iv)** જમા કરાવવાના બાનાના નાણાંઃ ૦૦.૦૦; **(v)** બિડિંગ માટે ઓનલાઈન ટેન્ડરની ઉપલબ્ધતાઃ ૩૦.૧૧.૨૦૨૨ થી ૧૧:૦૦ કલાકથી ૧૪.૧૨.૨૦૨૨ સુધી ૧૫:૦૦ કલાક સુધી; ખોલવાની તારીખ અને સમયઃ ૧૪.૧૨.૨૦૨૨ ૧૫:૩૦ કલાકે.; **(vi)** ટેન્ડર દસ્તાવેજની કિંમત (રિફંડપાત્ર નહીં), ઈએમડી, યોગ્યતાના માપદંડો, કામની સમાન પ્રકૃતિ, વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર સૂચના અંગે, કૃપા કરીને **www.ireps.gov.in** ની મુલાકાત લો મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0604

facebook.com/WesternRly



### દેશ આખાને બરબાદ કર્યું : મહેસાણામાં મોદી બોલ્યા

# કોંગ્રેસના મોડેલે ગુજરાતને તો તબાહ કર્યું : વડાપ્રધાન

(પ્રતિનિધિ દ્વારા) મહેસાણા, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે છે, ત્યારે આજે પીએમ મોદીએ મહેસાણામાં જાહેર સભા સંબોધી હતી. પીએમ મોદીએ કહ્યુ કે, દેશનું પહેલું સૂર્યગ્રામ એનું ગૌરવ મહેસાણા જિલ્લાને મળ્યું અને મોઢેરા સૂર્યગ્રામનું લોકાર્પણ થતાની સાથે જ આખી દુનિયામાં મોઢેરા ચમકી ગયું. જોડે-જોડે મહેસાણા જિલ્લો પણ ચમકી ગયો છે.

પીએમ મોદીએ કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી એવી પાર્ટી છે, જેના માટે વ્યક્તિ કરતા પક્ષ મહાન અને પક્ષ કરતા દેશ મહાન, આ અમારા સંસ્કાર છે અને આ સંસ્કાર લઈને અમે કામ કરીએ છીએ. કોંગ્રેસનું મોડલ હતું, તમે વીજળી માંગો અને તમને ગોળીઓથી વીંધી નાખતા હતા, કોંગ્રેસના રાજની અંદર લોકો વીજળીના કનેક્શન માંગે એમાં પણ ભ્રષ્ટાચાર અને કનેક્શન મળે કે ના મળે એની ગેરંટી નહીં. આપણે ગુજરાતની અંદર ૨૦ લાખ જેટલા નવા વીજળીના થાંભલા નાખ્યા. વીજળીના ક્ષેત્રે આજે હરણફાળ ભરી છે, અને ગુજરાતને એટલી ઊર્જા આપી છે, ગુજરાતને એટલું તેજસ્વી બનાવ્યું છે.

કોંગ્રેસનું મોડેલ એટલે અરબો-ખરબોનો ભ્રષ્ટાચાર. કોંગ્રેસનું મોડેલની એક જ ઓળખાણ ભાઈ-ભત્રીજાવાદ. કોંગ્રેસનું મોડેલ એટલે વંશવાદ.



### નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાત પ્રવાસે છે, ત્યારે પીએમ મોદીએ મહેસાણામાં જાહેર સભા સંબોધી હતી

કોંગ્રેસની ઓળખ એટલે વોટબેંક પોલિટિક્સ. આ જ કોંગ્રેસની ઓળખ. કોંગ્રેસના આ મોડેલે ગુજરાતને તો તબાહ કર્યું, દેશ આખાને બરબાદ કરી દીધું છે.

તેમણે કહ્યું કે, આ નરેન્દ્ર, ભૂપેન્દ્રની સરકારે પશુઓની પણ એટલી જ ચિંતા કરી છે. ૧૪૦૦૦ કરોડ રુપિયાનું બજેટ ખર્ચીને પશુઓને મફત ટીકાકરણનું અભિયાન દેશભરમાં ચાલી રહ્યું છે.

આજે ગુજરાતની અંદર ૧૨ લાખ બહેનો પશુપાલન સાથે જોડાયેલી છે અને એ બહેનોના સશક્તિકરણ માટે આપડે નક્કી કર્યું હતું કે, ડેરીમાંથી જે બિલ ચૂકવાશે એ પૈસા સીધા બહેનોના ખાતામાં જશે.

મહેસાણામાં આજે ૧૧ જેટલી ડિગ્રી એન્જિનીયરીંગ કોલેજો છે અને ૧૨ જેટલી ડિપ્લોમા એન્જિનીયરીંગ કોલેજો છે. આજે મારા ઘરે આવ્યો છું ત્યારે, મારા ગામમાં આવ્યો છું ત્યારે, મારા પરિવારજનો વચ્ચે આવ્યો છું ત્યારે, મારી આપને એક જ વિનંતી છે તમે ચૂંટણી જીતાડવાનું નક્કી કરી જ દીધું છે, જૂના બધા જ રેકોર્ડ તૂટી જાય અને વધુમાં વધુ મતદાન થાય.

### ચૂંટણી પ્રચારની કમાન પ્રધાનમંત્રીના હાથમાં

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરીથી ગુજરાતના પ્રવાસે

(એજન્સી દ્વારા) દાહોદ, તા.૨૩

ગુજરાતમાં ચૂંટણી પ્રચારની કમાન ખુદ પ્રધાનમંત્રી મોદીએ સંભાળી છે, ત્યારે પીએમ મોદી ગુજરાતના પ્રવાસે છે. તેઓ બુધવારે ગુજરાતના વિવિધ શહેરોમાં ચાર સભા સંબોધી. પ્રધાનમંત્રી મહેસાણા, દાહોદ, વડોદરા અને ભાવનગરમાં વિરાટ જનસભા સંબોધીને ભાજપનો પ્રચાર કરશે. મહેસાણામાં સભા પૂરી કરીને વડાપ્રધાન મોદી દાહોદ પહોંચ્યા છે.

દાહોદમાં વિશાળ જનમેદનીને સંબોધતા તેમણે કહ્યું કે, દાહોદે હું જેટલીવાર આવ્યો એટલીવાર જૂના રેકોર્ડ તોડ્યા. જીવનના પ્રારંભિક વર્ષોમાં સાયકલ પર ફરીને જેવો પ્રેમ મળતો, આજે પણ એવો જ આર્શીવાદ મળી રહ્યાં છે. કોંગ્રેસના લોકોને ક્યારેય કોઈ આદિવાસીને રાષ્ટ્રપતિ બનાવવાનો વિચાર ન આવ્યો. ભાજપે પહેલીવાર દેશને આદિવાસી રાષ્ટ્રપતિ આપ્યા, તેમાં પણ મહિલા રાષ્ટ્રપતિ આપી દુનિયાને સંદેશ આપ્યો. જ્યારે ભાજપે એક આદિવાસી બહેનને રાષ્ટ્રપતિના ઉમેદવાર બનાવ્યા, તો તેમને ટેકો આપવામાં તમારા પેટમાં શુ દુખતુ હતું. આદિવાસી ઉમેદવારને હરાવવા એમણે આકાશપાતાળ એક કર્યા. પરંતુ આ પુણ્ય કામ કરવાનો અવસર ભાજપને મળ્યો. કોંગ્રેસ પોતે કરે નહિ, અને બીજાને કરવા દે નહિ, કોઈ કરવા જાય તો આડા ઉતરે. ભાજપના સિદ્ધાંત અને સંસ્કાર સર્વાંગી વિકાસને વળેલા છે. સર્વહિતને લઈને કામ કરે છે. આજે ગુજરાત તેજ ગતિથી આગળ વધી રહ્યું છે.

### મહેસાણા, દાહોદ, વડોદરા અને ભાવનગરમાં સંબોધશે વિરાટ જનસભાથી ભવ્ય ચૂંટણી પ્રચાર





ગુજરાત વિધાનસભા ચૂંટણી મા મતદારોને વોટીંગ માટે જાગૃત કરવા માટે અમદાવાદ ના વેપારી મંડળ દ્વારા વિવિધ જગ્યા પર લગાવેલ બોડ

### ભાજપ અને કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહી છે

# કાંકરેજમાં ભાજપનાં ૨૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

(પ્રતિનિધિ દ્વારા) બનાસકાંઠા, તા.૨૩

કાંકરેજ વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહેલા અમૃત ઠાકોરના સમર્થનમાં તેમના મોટાભાઈ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ જગદીશ ઠાકોરે જંગી જાહેર સભાને સંબોધી ભાજપ પર આકરા પ્રહારો કરી તેમના ભાઈ અમૃત ઠાકોરને જીતાડવા અપીલ કરી છે. આ સાથે આજે કાંકરેજના થરામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરની સભામાં ભાજપના ૨૦ જેટલા કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા હતા. ભાજપના કાર્યકર્તાઓએ જગદીશ ઠાકોરના હસ્તે કોંગ્રેસનો ખેસ પહેરી કોંગ્રેસનો હાથ પકડ્યો હતો.

ઠેર ઠેર પ્રદેશના નેતાઓ જનસભા કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠાના કાંકરેજ વિધાનસભા બેઠક પરથી મંત્રી કિર્તીસિંહ વાઘેલા સામે કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહેલા પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જગદીશ ઠાકોરના નાનાભાઈ અમૃત ઠાકોરના સમર્થનમાં પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જગદીશ ઠાકોર કાંકરેજ પહોંચ્યા અને કાંકરેજ ખાતે તૈયાર થયેલા મધ્યસ્થ કાર્યાલયને ખુલ્લું મૂક્યું હતુ.

વિધાનસભાની ચૂંટણીઓને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ સીટો જીતવા એડીચોટીનું જોર લગાવી રહી છે .

તે બાદ બાઈક રેલી યોજી સભા સ્થળે પહોંચ્યા અને મંત્રી કિર્તીસિંહ વાઘેલાના ગઢમાં જ જનસભા સંબોધી ત્યારે સભામાં પહોંચેલી જન્મદિનનીને સંબોધતા જગદીશ ઠાકોરે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કોંગ્રેસે કરેલા કામો પણ ગણાવ્યા અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં કાંકરેજથી તેમના નાના ભાઈ અમૃત ઠાકોરને જંગી બહુમતીથી જીતાડવા લોકોને હાકલ કરી છે.

પ્રદેશ અધ્યક્ષ ગુજરાત, જગદીશ ઠાકોરના જણાવ્યા પ્રમાણે, કોંગ્રેસની ૧૨૫થી વધુ સીટો આવશે. ભાજપ જેલમાં કેદીઓ સાથે ગુપ્ત મિટિંગ કરી રહ્યા છે. કારમાંથી મળેલી રોકડ અંગે તેમણે જણાવ્યું હતુ કે, જેના રૂપિયા હોય તેને સજા મળવી જોઈએ.

### દાહોદમાં સભા સંબોધન બાદ પીએમ મોદી વડોદરામાં

# વિકસિત ગુજરાત નરેન્દ્ર-ભુપેન્દ્ર નહિ, પણ ગુજરાતીઓ બનાવશે:મોદી

(એજન્સી દ્વારા) વડોદરા, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનું કમળ ખીલવવા પ્રધાનમંત્રી ગુજરાતના દરેક ખૂણે ફરી વળ્યાં છે. ત્યાં આજે તેઓ ગુજરાતમાં ઉપરાઉપરી સભા સંબોધન કરી રહ્યાં છે. મહેસાણા, દાહોદ બાદ તેઓ વડોદરા પહોંચ્યા છે. વડોદરા શહેર જિલ્લાની કુલ ૧૦ બેઠકો છે. આ જનસભાથી તેઓ ૧૦ બેઠકો પર ભાજપનો ભવ્ય પ્રચાર કરશે.

નવલખી મેદાનમાં યોજાયેલી સભામાં મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો, સમર્થકો અને લોકો હાજર

### ભાજપનું કમળ ખીલવવા પ્રધાનમંત્રી ગુજરાતના દરેક ખૂણે ફરી વળ્યાં છે

રહ્યાં છે. કેમ છો વડોદરાથી તેમણે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આગળ કહ્યું કે, વડોદરા આપણી સાંસ્કૃતિનગરી, શિક્ષણની નગરી અમારા સાથીઓને આર્શીવાદ આપવા આવી છે. આ વખતે ગુજરાતની ચૂંટણી જનતા જનાર્દન લડી રહી છે. કોઈ સરકારને ફરી બેસાડવા આટલો ઉમંગ ઉત્સાહ હોય તે અતૂટ વિશ્વાસ છે. આપણો સંકલ્પ છે કે ગુજરાત દુનિયાના સમૃદ્ધ દેશોની બરાબરીનું હોવુ જોઈએ, વિશ્વના સમૃદ્ધ દેશોના માપદંડમાં ગુજરાત પાછળ ન હોય તેવુ વિકસિત ગુજરાત જોઈએ. પરંતુ આ ગુજરાત કોણ બનાવે. નરેન્દ્ર પણ નહિ અને ભુપેન્દ્ર પણ નહિ. આ વિકસિત ગુજરાત નાગરિકો બનાવશે. તમારા વોટની એક તાકાત, સામ્યર્થ વિકસિત ગુજરાત બનાવશે. આપણે અમૃતકાળમાં છીએ. ૨૫ વર્ષ આપણા જીવનના મહત્વના હોય, તેમ દેશના જીવન માટે આગામી ૨૫ વર્ષ મહત્વના બની રહેશે.

### ભાજપના સ્ટાર પ્રચારકો રાજ્યમાં સભાઓ ગજવી રહ્યા છે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજકોટના જસદણ ખાતે જાહેરસભા યોજી

(પ્રતિનિધિ દ્વારા) જસદણ, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકો રાજ્યમાં સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજકોટના જસદણ ખાતે જાહેરસભા યોજી રહ્યા છે. કુંવરજી બાવળિયા માટે અમિત શાહ સભા સંબોધી રહ્યા છે.

અમિત શાહે જસદણમાં જણાવ્યું હતું કે, મારા જીગરના ટુકડા જેવા યુવા મિત્રો...જસદણ સભાની સીટ નથી જસદણ કુંવરજીભાઇના કામની સીટ છે. કુંવરજીભાઇ વિધાનસભામાં પ્રશ્નો રજૂ કરતા ત્યારે કહ્યું આ કુંવરજીભાઇ કોંગ્રેસમાં ખોટા છે, આ મટીરીયલ ભાજપનું છે.

અમિત શાહે કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, અનેક વર્ષો સુધી કોંગ્રેસીયાઓએ સાસન કર્યું. રાજકોટની ધરતી પર છું, મેં જોયું છે કે રાજકોટમાં બે બે ફૂટ ખાડામાંથી પાણી ભરવું પડતું હતું. ભાજપે સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા દૂર કરી.

અમિત શાહે જણાવ્યું કે, કોંગ્રેસના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ નર્મદા ડેમનું ઓપનિંગ કર્યું હતું. હવે અહીં સુધી પાણી પહોંચ્યું. કોંગ્રેસીયાઓને પૂછવા માંગુ છું કે, સૌરાષ્ટ્રમાં પાણી આટલા સમય કેમ ન પહોંચ્યું? તેની પાછળ કોણ જવાબદાર છે? નર્મદા યોજનાને કોંગ્રેસે રોકી. પરંતુ નરેન્દ્રભાઈએ આમરણ ઉપવાસ પર ઉતરવું પડ્યું હતું અને મનમોહનસિંહ સરકારે ઝુકવું પડ્યું હતું.

### આ વખતે કોંગ્રેસના ભોળાભાઈ ગોહેલ અને બાવળિયા વચ્ચે ટક્કર થશે

મેઘા પટકર મુદ્દે અમિત શાહે જણાવ્યું હતું કે, ગુજરાત ચૂંટણી સમયે જ રાહુલ બાબા મેઘા પાટકરને ભારત જોડો યાત્રામાં સાથે લઈને નિકળ્યા છે. ગુજરાતની જનતાના ઘા પર મીઠું ભભરાવ્યુ છે. અરવિંદ કેજરીવાલે તો આ ગુજરાત વિરોધી મેઘા પાટકરને ૨૦૧૪માં ઝાડુના નિશાન પર ટીકીટ આપી હતી. જોકે કેજરીવાલ એટલા સમજુ કે ગુજરાત ચૂંટણીમાં તેને સાથે પણ ન રાખ્યા.

અમિત શાહે કોંગ્રેસને ખેડૂત વિરોધી ગણાવીને પ્રહારો કર્યા હતા કે, કોંગ્રેસના સમયમાં ખેડૂત ૮ કિલોમીટર પછી જમીન ન લઈ શકે તેવો કાયદો હતો. ગામડામાં ૮ કલાક વીજળી આપવાનું કામ નરેન્દ્રભાઈએ કર્યું. કોંગ્રેસના સમયમાં તો ફ્રિજમાં દવા રાખવાની હોય પણ ૧૦ કલાક લાઈટ ન આવે તો દવા પણ ફેઈલ થઈ જતી.

અમિત શાહે જણાવ્યું હતું કે, ૧૯૯૫ સુધી ગુજરાતમાં દાદાઓ અને ગુંડાઓનું રાજ હતું. જનસંઘ સમયે ગુંડા વિરોધી સમિતિઓ બનાવવામાં આવી હતી. આજે ગુજરાતમાં કોઈ ગુંડો કે દાદાનું ચાલતું નથી. હવે ચાલે તો માત્ર હનુમાન દાદાનું જ.

અમિત શાહે જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં કોરોનામાં રસી મુકવામાં કોઈને ક્યાંય ચારાના પણ આપવા પડ્યા? બે ડોઝ લીધા ને મફત મળ્યા ને...રાહુલ બાબાએ કોરોના રસી સામે પણ સવાલ ઉઠાવ્યો હતો. ટ્વીટ કરી કહેતા હતા કે, રસી ન મુકાવતા આ મોદી ટીકો છે. કોરોના કાળમાં પણ કોંગ્રેસીયાઓએ રાજકારણ કર્યું હતું.

અમિત શાહે જણાવ્યું કે, હેલિપેડથી સભા સ્થળે આવ્યો ત્યારે એક પાટિયું વાંચ્યું..જેમાં લખ્યું હતું કે કામ બોલે છે. મેં ભરત બોધરાને પૂછ્યું કે, આ કામ બોલે છે તેવું આપણે તો બોર્ડ નથી બનાવ્યું. પછી ગાડી ધીમી રાખી પંજાનું નિશાન જોયું. મેં તેના કામ વાંચ્યા. તેમને ૧૯૯૫થી અત્યાર સુધીમાં સરકાર નથી તો કેમ કામ કર્યા. છેલ્લે અમિત શાહે કુંવરજી બાવળિયાના નામ સામેનું બટન દબાવી વિજય બનાવવા અપીલ કરી હતી.

તમને જણાવી દઈએ કે, જસદણ બેઠક પર ભાજપે ઉમેદવાર તરીકે કુંવરજીભાઇ બાવળિયાને રિપીટ કરાયા છે. ૨૦૧૭માં કુંવરજી બાવળિયા કોંગ્રેસમાંથી ચૂંટાયા હતા. ૨૦૧૮માં બાવળિયા કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતા. કોંગ્રેસે ઉમેદવાર તરીકે ભોળાભાઈ ગોહેલને જસદણ બેઠક પર ઉતારતા ભાજપ માટે કપરા ચઢાણ છે. બાવળિયા મંત્રી બન્યા બાદ પણ વિકાસ ન થતા મતદારો નારાજ થયા હતા. ત્યારે આ વખતે કોંગ્રેસના ભોળાભાઈ ગોહેલ અને બાવળિયા વચ્ચે ટક્કર થશે.

### ગુજરાતમાં મતદાનના દિવસે લેવાયો મોટો નિર્ણય

# ભાવનગરમાં ૧ ડિસેમ્બરે મતદાન કરવા ૫૦થી વધુ મોટા યુનિટ રજા આપશે

ભાવનગર, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે ત્યારે ભાવનગરમાં કર્મચારીઓને મતદાન માટે ૨ કલાકની રજા આપવાનો નિર્ણય લેવાયો છે. ભાવનગરમાં મતદાન કરવા માટે અનેક ઔધોગિક યુનિટોએ કર્મચારીઓ માટે રજા જાહેર કરી છે. જેમાં ૧ લી ડિસેમ્બરે મતદાન કરવા ૫૦ થી વધુ મોટા યુનિટ રજા આપશે. જ્યારે પશ્ચિમ વિધાનસભા વિસ્તારમાં આવેલા વરતેજ અને ચિત્રા gidc ના કારખાનેદારો રજા આપશે. કર્મચારીઓ રજા દરમ્યાન પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ભાવનગરમાં મતદાન માટે કર્મચારીઓને ૨ કલાકની રજા મળશે. અનેક ઔદ્યોગિક યુનિટોએ મતદાન માટે મોટો નિર્ણય કર્યો છે. ૧ ડિસેમ્બરે મતદાન કરવા ૫૦થી વધુ મોટા યુનિટ રજા આપશે. જેમાં વરતેજ અને ચિત્રા GIDCના કારખાનેદારો રજા આપશે. કર્મચારીઓ રજા દરમિયાન પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. અમદાવાદના ૨ લાખ કર્મચારીઓને મતદાન માટે રજા આપવામાં આવશે. ૧૫ હજાર નાની-મોટી ઈન્ડસ્ટ્રીઝ પોતાના કર્મચારીઓને આ દિવસે મતદાન માટે રજા આપશે. જ્યારે કેટલીક ઈન્ડસ્ટ્રીઝમાં ૨ કલાક માટે પણ મતદાન માટે કર્મચારીઓને રજા અપાશે. શહેરની નરોડા, વટવા, નારોલ અને કઠવાડા GIDC વિસ્તારમાં કર્મચારીઓને મતદાન દિવસે મતદાન માટે રજા અપાશે.

### ભાજપના ગઢ સુરતમાં આમ આદમી પાર્ટી પણ ચર્ચામાં

# સુરતના ચૂંટણી મેદાનમાં કરો યા મરોની જંગનો માહોલ

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ, તા.૨૩

અમદાવાદ પછી ગુજરાતમાં સૌથી વધુ વિધાનસભા બેઠકો સુરતમાં છે. સુરત પાછલા ત્રણ દાયકાઓથી ભાજપનો ગઢ રહ્યો છે. પરંતુ આ વર્ષે પાછલા કેટલાક સમયમાં આમ આદમી પાર્ટી જે રીતે પ્રચારના મેદાનમાં ઉતરી છે તે જોતા તે ગાબડું પાડશે તેવી સંભાવનાઓને નકારી શકાય નહીં. અહીં ફેબ્રુઆરી ૨૦૨૧માં યોજાયેલી કોર્પોરેશનની ચૂંટણીમાં આપે કરેલી મહેનતનું ફળ મળ્યું હતું અને અપક્ષમાં બેસવા મળ્યું હતું. તેને જોતા વિધાનસભામાં કોઈ કચાસ ના રહી જાય તેનું ધ્યાન ભાજપ દ્વારા પણ રખાયું છે. આ માટે ઘણાં નેતાઓને મતદારો નિરાશ ના થાય તે માટે રિપીટ પણ કરવામાં આવ્યા છે. જે પ્રકારનો પ્રચારનો ધમધમાટ છે તે જોતા આપ માટે પણ આ જંગ આસાન લાગતી નથી.

આપ સુરતમાં સખત મહેનત કરી રહી છે અને તે સભાઓ તથા ડોર-ટૂ-ડોર પ્રચારમાં જોવા મળી રહી છે. સુરતમાં આપની ત્રણ બેઠકો પર રસાકસી જોવા મળી શકે છે, જેમાં વરાછા રોડ, કતારગામ અને કરંજ બેઠકનો સમાવેશ થાય છે. વરાછા રોડથી ભાજપના પૂર્વ મંત્રી કિશોર કાનાણી અને કતારગામથી વીનુ મોરડિયાને ઉતાર્યા છે, જ્યારે આપે અહીંથી અલ્પેશ કથિરિયા અને ગોપાલ ઈટાલિયાને ઉતાર્યા છે. જો સુરતમાં બેઠકો ઘટે છે તો ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને દર્શના જરદોશના કદ પર અસર પડશે. જ્યારે આપના હેવીવેઈટ નેતા ગોપાલ ઈટાલિયા, મનોજ સોરઠીયા અને અલ્પેશ કથિરિયા સફળ ના થયા તો તેમનું કદ પણ વેતરાઈ શકે છે.

સુરતનો ચૂંટણી મિજાજ તથા લોકોનો મત જાણવા માટે અમારી ટીમ મેદાનમાં છે, આવામાં અહીં વરાછા રોડ અને કતારગામ બેઠકોની ચર્ચા વધારે થઈ રહી છે. કોંગ્રેસ કરતા અહીં ભાજપ અને આપની ચર્ચા વધારે થઈ રહી છે.

તેમાં પણ એવું માનવામાં આવે છે કે અલ્પેશ કથિરિયા જે રીતે પ્રચાર કરી રહ્યા છે તેની અસર સૌરાષ્ટ્રમાં પણ જોવા મળશે. સુરતમાં વિધાનસભાની ૧૨ બેઠકો આવે છે, જેમાં પાછલી ચૂંટણીમાં ભાજપે તમામ ૧૨ બેઠકો પર કબજો કર્યો હતો. પાટીદાર આંદોલન છતાં સુરતમાં જે રીતે ભાજપે પ્રદર્શન કર્યું તેણે સૌ કોઈને ચોંકાવી દીધા હતા. જ્યારે આ વર્ષે પાર્ટીએ ૧૫૦થી વધુ બેઠક જીતવાનું લક્ષ્ય બનાવ્યું છે ત્યારે સુરતની ત્રણથી ચાર બેઠકો પર સૌ કોઈની નજર છે. અલ્પેશ કથિરિયાની સાથે ગોપાલ ઈટાલિયાની પણ અહીં ઘણી ચર્ચાઓ થઈ રહી છે. સટ્ટા બજારમાં પણ વરાછા રોડ અને કતારગામ બેઠકને ગરમ માનવામાં આવી રહી છે. ભાજપનો સુરતનો ગઢ પાટીદાર આંદોલન વખતે પણ સહીસલામત રહ્યો હતો, પરંતુ આ વખતની ચૂંટણીમાં આપ મજબૂત ટક્કર આપી રહી છે. કોર્પોરેશનની ચૂંટણીમાં કમાલ કર્યા બાદ આપના કાર્યકર્તાઓ અને નેતાઓ જુસ્સામાં છે. કોંગ્રેસને પણ અહીં ફાંફા પડ્યા છે. કોંગ્રેસે છેલ્લે ૧૯૮૪માં અંતિમ વખત લોકસભાની બેઠક જીતી હતી. સીડી પટેલ અહીં જીત્યા હતા. આ પછી ૧૯૮૪માં કાશીરામ રાણા જીત્યા હતા અનેતેઓ ૬ વખત આ બેઠક પર જીતતા રહ્યા હતા. જે પછી ૨૦૦૯માં દર્શના જરદોશ અહીંથી સાંસદ તરીકે ચૂંટાતા રહ્યા છે.

### સુરતની વરાછા રોડ, કતારગામ, કરંજ બેઠક ખાસ્સી ચર્ચામાં

### ભાજપે ૯.૪% મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા

# ચૂંટણીમાં મહિલાઓને ટિકિટ આપવામાં રાજકિય પક્ષો પાછળ

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો મતદારોને રીઝવવાના પ્રયાસોમાં લાગી ગયા છે. જોકે રાજ્યમાં મહિલાઓના મત માંગતા રાજકીય પક્ષો તેમને પ્રતિનિધિત્વ આપવાનું યોગ્ય માનતા નથી તેવું ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ વિતરણનું ગણિત જોતાં લાગી રહ્યું છે. ભાજપ, કોંગ્રેસ, AAP અને AIMIMની જ વાત કરીએ તો આ પક્ષો દ્વારા જાહેર કરાયેલા કુલ ૫૬૦ ઉમેદવારોમાંથી માત્ર ૪૦ મહિલાઓને ટિકિટ આપવામાં આવી છે. જેમાં સૌથી વધુ ૧૭ મહિલાઓને ભાજપે, ૧૪ કોંગ્રેસે, ૭ને આમ આદમી પાર્ટી અને ૨ને AIMIM દ્વારા ટિકિટ આપવામાં આવી છે.વિધાનસભા ચુંટણીની વાત કરીએ તો કુલ ઉમેદવારોમાં મહિલા ઉમેદવારોના હિસ્સાની વાત કરીએ તો કોંગ્રેસે ૭.૭% મહિલા ઉમેદવારોને ટિકિટ આપી છે. જ્યારે ભાજપે ૯.૪% મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જોકે એકંદરે આ વખતે વધુ મહિલાઓ મેદાનમાં છે. ૨૦૧૭માં માત્ર ૨૨ મહિલાઓએ ચૂંટણીમાં ભાગ લીધો હતો.

જોકે આંકડાકીય રીતે ભાજપ અને કોંગ્રેસે ૨૦૧૨ની સરખામણીએ ૨૦૧૭માં મહિલાઓને ઓછી ટિકિટ આપી હતી. મળતી માહિતી અનુસાર ભાજપે ૨૦૧૭માં મહિલા ટિકિટની સંખ્યા ૧૯થી ઘટાડીને ૧૨ કરી હતી. તેવી જ રીતે કોંગ્રેસે ૨૦૧૭માં ૧૪ને બદલે ૧૦ મહિલાઓને ટિકિટ આપી હતી. ઓછી ઉમેદવારી છતાં મહિલા ઉમેદવારોની જીતની ટકાવારી ૫૯ રહી હતી. મહત્વનું છે કે, ગુજરાતમાં આ ચૂંટણી માટે કોંગ્રેસ પાસે ૯૨ મહિલાઓએ ટિકિટ માંગી હતી. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ જેની ઠમ્મરે જણાવ્યું કે, ૯૨ મહિલાઓએ ટિકિટ માટે રાજ્ય હાઈકમાન્ડનો સંપર્ક કર્યો હતો. એવું માનવામાં આવતું હતું કે, કોંગ્રેસ ઓછામાં ઓછી ૩૫ મહિલા ઉમેદવારોને નોમિનેટ કરશે, પરંતુ તે સમયે માત્ર ૧૪ મહિલાઓને નોમિનેટ કરવામાં આવી હતી.

ગુજરાતમાં મહિલાઓને ટિકિટ ન આપવા પાછળ જ્ઞાતિનું અંકગણિત પણ મોટું પરિબળ બને છે. હકીકતમાં જાતિ આધારિત રાજકારણમાં મહિલાઓને પાછળ ગણવામાં આવે છે. આ વખતે વઢવાણ બેઠક પરથી ભાજપની ટિકિટ મેળવનાર જીજ્ઞાબેન પંડ્યા સાથે પણ એવું જ થયું છે. જ્ઞાતિ સમીકરણ માટે નામાંકન પહેલાં જ ભાજપે તેમની ટિકિટ કાપીને જગદીશ મકવાણાને ઉમેદવાર જાહેર કર્યા હતા. વાસ્તવમાં ૧૯૯૦ થી ભાજપ સતત વઢવાણ બેઠક જીતી રહ્યું છે. આ ચૂંટણીમાં પણ જીત નોંધાવવા માટે ભાજપે જાતિના અંકગણિતના પ્રયાસમાં જ આ પગલું ભર્યું. તમને જણાવી દઈએ કે, પંડ્યા બ્રાહ્મણ સમુદાયના છે જ્યારે મકવાણા ઓબીસી દલવાડી અને સથવારા સમુદાયના છે. જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં સથવારા સમાજની સંખ્યા વધુ છે.

### ૨.૮ની તીવ્રતાનો આંચકો આવતા લોકોમાં ફફડાટ

# અમરેલીમાં જિલ્લામાં લોકોને ભૂકંપનો આંચકો અનુભવાયો

(એજન્સી દ્વારા) અમરેલી, તા.૨૩

અમરેલીમાં જિલ્લામાં લોકોને ભૂકંપનો આંચકો અનુભવાયો છે. અમરેલીમાં ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. મીતીયાળામાં ભૂકંપનો આંચકો અનુભવાયાના સમાચાર સામે આવ્યા છે. ભૂકંપ આવતા મીતીયાળામાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતાં. ભૂકંપને કારણે મીતીયાળાના મકાનોમાં તીરાડો પડી હતી અને ધરતી ધણધણી ઉઠતા લોકોમાં ભય ફેલાયો હતો. મીતીયાળા અભ્યારણના જંગલમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ખાંભા ગીરના વાંકિયા ગામમાં પણ ભૂકંપનો આંચકો અનુભાવાયાની પણ જાણકારી છે. બપોરે ૧૨.૪૭ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

### ભૂકંપને કારણે મીતીયાળાના મકાનોમાં તીરાડો પડી હતી અને ધરતી ધણધણી ઉઠતા લોકોમાં ભય ફેલાયો